સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 45 (06/11/22 to 12/11/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)











JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**06 NOV-2022**

- દિવસ મહિમા : 06 નવેમ્બર, યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 02
- RISAT (Radar Imaging Satellite) - 2 ..... 02
- લોન્ચ વ્હીકલ માર્ક 3 (LMV 3) ..... 03
- QUESTION ANSWERS ..... 05

**07 NOV-2022**

- દિવસ મહિમા : 07 નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ, બાળ સુરક્ષા દિવસ ..... 06
- IIPDF યોજના ..... 06
- પીઢ સાહિત્યકાર શ્રી મોહમદ માંકડનું નિધન ..... 07
- મેક - II પ્રોજેક્ટમાં સમાવિષ્ટ નવીન ઉત્પાદનો ..... 09
- QUESTION ANSWERS ..... 11

**08 NOV-2022**

- દિવસ મહિમા : 08 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ ..... 12
- ગુજરાતમાં 15મી વિધાનસભા ચૂંટણીની જાહેરાત ..... 12
- ચૂંટણી બોન્ડ યોજનામાં સુધારો ..... 16
- ફાલ્કન હેવી રોકેટ ..... 17
- QUESTION ANSWERS ..... 19

**09 NOV-2022**

- દિવસ મહિમા : 09 નવેમ્બર, રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ ..... 20
- શ્રી ઋતુરાજ અવસ્થીને કાયદા પંચના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ..... 20
- Global Gender Wealth Equity Report 2022 ..... 22
- QUESTION ANSWERS ..... 24

**10 NOV-2022**

- દિવસ મહિમા : 10 નવેમ્બર, શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ, પરિવહન દિવસ ..... 25
- ટીવી ચેનલો માટે નવા નિયમો ..... 25
- Dynamic Ground Water Resource Assessment, 2022 ..... 26
- QUESTION ANSWERS ..... 27

**11 NOV-2022**

- દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ ..... 28
- ગરૂડ - VII અભ્યાસ : ભારત - ફ્રાન્સ ..... 28
- UDISE પ્લસ રિપોર્ટ ..... 29
- QUESTION ANSWERS ..... 32

**12 NOV-2022**

- દિવસ મહિમા : 12 નવેમ્બર, વિશ્વ ન્યુમોનિયા દિવસ, રાષ્ટ્રીય પક્ષી દિવસ ..... 33
- વાઈસ ચાન્સેલરની પસંદગી ..... 33
- નાદપ્રભુ કેમ્પેગૌડા પ્રતિમા ..... 35
- QUESTION ANSWERS ..... 37

**ONE LINER** ..... 38

**QUESTION OF THIS WEEK** ..... 44



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN WHATSAPP GROUP / joinicerajkot.com

## દિવસ મહિમા : 06 નવેમ્બર, યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

## RISAT (Radar Imaging Satellite) - 2

તાજેતરમાં ISROના RISAT-2 ઉપગ્રહે જકાર્તા નજીક હિંદ મહાસાગરમાં અનુમાનિત અસર બિંદુ પર પૃથ્વીના વાતાવરણમાં અનિયંત્રિત પુનઃપ્રવેશ કર્યો છે.

### RISAT - 2



RISAT-2નું પૂરું નામ 'Radar Imaging Satellite-2' છે.

- RISAT-2 એ ભારતનો પ્રથમ "Eye in the sky" ઉપગ્રહ છે.
- જેના દ્વારા ઘૂસણખોરી અને બળવાખોરી વિરોધી કામગીરીના ભાગરૂપે દેશની સરહદોનું નિરીક્ષણ કરવામાં આવે છે.
- RISAT-2ને જાસૂસ ઉપગ્રહ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- RISAT-2નું મુખ્ય સેન્સર ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝનું એક્સ–બેન્ડ સિન્થેટિક–એપર્ચર રડાર હતું.
- RISAT-1 સેટેલાઈટ માટે સ્વદેશી રીતે વિકસાવવામાં આવતા C-બેન્ડમાં વિલંબને કારણે 2008ના મુંબઈ આતંકી હુમલા પછી RISAT-2 વધુ ઝડપથી વિકસાવવામાં આવ્યું હતું.
- RISAT-2નું મુખ્ય સેન્સર દિવસ અને રાત તેમજ તમામ હવામાનમાં દેખરેખ કરવાની ક્ષમતા ધરાવતું હતું.
- તેનો ઉપયોગ સમૂદ્રમાં લશ્કરી ખતરો ગણાતા જહાજોને ટ્રેક કરવા માટે પણ થતો હતો.
- આશરે 300 કિલો વજન ધરાવતુ RISAT-2 20 એપ્રિલ 2009ના રોજ PSLV - C12 લોન્ચ વ્હીકલ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- RISAT-2એ 13 વર્ષથી વધુ સમય માટે ફાયદાકારક પેલોડ ડેટા પ્રદાન કર્યો છે.
- 30 ઓક્ટોબર, 2022ના રોજ રાત્રીના સમયે RISAT-2 ઉપગ્રહએ પૃથ્વીના વાતાવરણમાં અનિયંત્રિત રીતે પુનઃપ્રવેશ કર્યો હતો. અને જકાર્તા પાસે હિન્દ મહાસાગર પડ્યો હતો.

## લોન્ચ વ્હીકલ માર્ક 3 (LVM 3)

તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના સૌથી ભારે રોકેટ લોન્ચ વ્હીકલ માર્ક-3 (LVM 3) એ યુકે સ્થિત વનવેબના 36 ઉપગ્રહોની સફળતાપૂર્વક પરીક્રમા કરી હતી.

- વનવેબ એ 648 લો અર્થ ઓર્બિટ (LEO) ઉપગ્રહોના જૂથ દ્વારા સંચાલિત વૈશ્વિક સંચાર નેટવર્ક છે.

INSTITUTE FOR COMPETITIVE

## લોન્ચ વ્હીકલ માર્ક 3 (LVM 3)



LVM3-M2 મિશન એક વિદેશી ગ્રાહક વનવેબ માટે સમર્પિત વ્યાપારી મિશન છે. જે ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL), સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE) તરફથી છે.

- તે પહેલું મલ્ટિ–સેટેલાઈટ મિશન છે જેમાં LVM 3એ અત્યાર સુધીમાં લો અર્થ ઓર્બિટમાં 36 વનવેબ ઉપગ્રહો વહન કર્યા છે, જે 5,796 કિગ્રાના સૌથી ભારે પેલોડ માસ(વજન) તરીકે છે.
- આ નવીનતમ રોકેટ 4000 કિલોગ્રામ વર્ગના ઉપગ્રહોને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO)માં અને 8000 કિલોગ્રામ પેલોડને LEOમાં લોન્ચ કરવામાં સક્ષમ છે.
- તે ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે, જેમાં બાજુઓ પર બે નક્કર પ્રોપેલન S200 સ્ટ્રેપ–ઓન છે અને મુખ્ય સ્ટેજ L110 લિક્વિડ સ્ટેજ અને C25 ક્રાયોજેનિક સ્ટેજ ધરાવે છે.

## વિશેષતા

(a) LVM3નું પ્રથમ વ્યાપારી મિશન

(b) LVM3થી LEOનુ પ્રથમ પ્રક્ષેપણ

(c) છ ટનની લોડ ક્ષમતા ધરાવતું પ્રથમ ભારતીય રોકેટ

(d) LVM3 સાથેનું પ્રથમ NSIL મિશન

(e) NSIL/અવકાશ વિભાગ સાથેનું પ્રથમ વનવેબ મિશન

## તકનીકી સિદ્ધિઓ

આ મિશનની કેટલીક તકનીકી સિદ્ધિઓ નીચે મુજબ છે :

(a) બહુવિધ સેટેલાઈટ વિભાજનની ઘટનાઓનું સંચાલન

(b) મિશનના સમયગાળામાં નજીવો વધારો

(c) C25 (CRYO) સ્ટેજ રિ–ઓરિએન્ટેશન અને વધારાના વેગ દ્વારા સુરક્ષિત અલગ અંતરની ખાતરી કરવી.

(d) સમગ્ર મિશન સમયગાળા માટે ડેટાની ઉપલબ્ધતાની ખાતરી કરવી.

(e) સેટેલાઈટ ડિસ્પન્સર્સ માટે નવા લોડ ક્ષમતા એડેપ્ટર અને ઈન્ટરફેસ રિંગની સિદ્ધિ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વનવેબ પ્લેનેટોરિયમ

Oneweb પ્લેનેટોરિયમ LEO ધ્રુવીય ભ્રમણકક્ષામા કાર્ય કરે છે, ઉપગ્રહો દરેક વિમાનમાં 49 ઉપગ્રહો સાથે 12 રિંગ્સ (ભ્રમણકક્ષાના વિમાનો)માં ગોઠવાયેલા છે.

- ભ્રમણકક્ષાના વિમાનો ઝુકાવ ધ્રુવો (87.9°)ની નજીક છે.
- ઓર્બિટલ પ્લેન પૃથ્વીથી 1200 કિમી દૂર ઉપર છે, દરેક ઉપગ્રહ દર 109 મિનિટે પૃથ્વીની એક સંપૂર્ણ ચક્કર લગાવે છે.
- પૃથ્વી ઉપગ્રહોની નીચે ફરે છે, તેથી આ ઉપગ્રહો હંમેશા નવી જગ્યાએ ઉડતા જોવા મળશે.



1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણને અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 4 નવેમ્બર (B) 5 નવેમ્બર (C) 6 નવેમ્બર (D) 7 નવેમ્બર **(C)**

2. તાજેતરમાં ISROનો RISAT-2 ઉપગ્રહ જકાર્તા નજીક હિન્દ મહાસાગરમાં નિષ્ક્રિય થયો હતો. આ RISAT સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Radar Imaging Satellite-2' છે તથા તે ભારતનો પ્રથમ 'eye in the sky' ઉપગ્રહ છે.
2. આ ઉપગ્રહ ઘૂસણખોરી બળવાખોરી વિરોધી કામગીરીના ભાગરૂપે દેશની સરહદોનું નિરીક્ષણ કરતો હતો. તથા તેને જાસૂસ ઉપગ્રહ તરીકે પણ ઓળખવામાં આવે છે.
3. RISATનું મુખ્ય સેન્સર ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝનું એક્સ–બેન્ડ સિન્થેટિક–એપર્ચર રડાર હતું.
4. RISATનું મુખ્ય સેન્સર દિવસ અને રાત તેમજ તમામ હવામાનમાં દેખરેખ કરવાની ક્ષમતા ધરાવતું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. RISAT--2 ઉપગ્રહ ક્યારે લોન્ચ કરવામાં આવ્યો હતો ?

(A) 20 એપ્રિલ, 2009 (B) 20 એપ્રિલ, 2010
(C) 20 એપ્રિલ, 2011 (D) 20 એપ્રિલ, 2012 **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ ISROના 'લોન્ચ વ્હીકલ માર્ક 3' (LVM 3) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. LVM-3એ તાજેતરમાં યુકે સ્થિત વનવેબના 36 ઉપગ્રહોનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યુ હતું.
2. LVM3-M2 મિશન એક વિદેશી ગ્રાહક વનવેબ માટે સમર્પિત વ્યાપારી મિશન છે.
3. આ નવીનતમ રોકેટે વનવેબ ઉપરાંત સ્પેસએક્સના 12 ઉપગ્રહો પણ લોન્ચ કર્યા હતા.
4. તે ત્રણ તબક્કાનું પ્રક્ષેપણ વાહન છે, જેમાં બાજુઓ પર બે નક્કર પ્રોપેલન S200 સ્ટ્રેપ ઓન છે અને મુખ્ય સ્ટેજ L110 લિક્વિડ સ્ટેજ અને C25 ક્રાયોજેનિક સ્ટેજ ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2, 3 અને 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 07 નવેમ્બર, (1) રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (National Cancer Awarness Day)
## (2) બાળ સુરક્ષા દિવસ

### રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ



ભારતમાં દર વર્ષે 7 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર, 2014 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી ભારતમાં આ દિવસની ઉજવણી થાય છે.

નોંધ : ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે, જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' 4 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IIPDF યોજના

તાજેતરમાં આર્થિક બાબતોના વિભાગ (DEA), નાણા મંત્રાલયે જાહેર–ખાનગી ભાગીદારી (PPP) પ્રોજેક્ટ્સના પ્રોજેક્ટ વિકાસ ખર્ચ અંગે નાણાકીય સહાય માટે ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડ (IIPDF) યોજનાને અધિસૂચિત કરી હતી.

### IIPDF યોજના

IIPDFનું પૂરું નામ 'ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડ' છે.

- IIPDF યોજનાની સ્થાપના વર્ષ 2007માં કરવામાં આવી હતી.
- વર્ષ 2022-23 થી 2024-25 સુધીના ત્રણ વર્ષના સમયગાળા માટે કુલ રૂ.150 કરોડના ખર્ચ સાથેની તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
- તે PPP પ્રોજેક્ટ પ્રાયોજક સત્તાવાળાઓને પ્રોજેક્ટ વિકાસ ખર્ચને પહોંચી વળવા માટે ઉપલબ્ધ છે.
- PPP પ્રોજેક્ટ વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવા અને મુખ્ય નીતિ અને નિયમનકારી મુદ્દાઓને સંબોધવા માટે PPP સેલ બનાવવા અને સશક્ત કરવા માટે પ્રાયોજક સત્તા માટે આ જરૂરી રહેશે.

### ઉદ્દેશ

તેનો હેતુ ગુણવત્તાયુક્ત પ્રોજેક્ટ વિકાસ પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

### મહત્વ

<u>સ્પોન્સરિંગ ઓથોરિટી PPP ટ્રાન્ઝેક્શન</u> ખર્ચના એક ભાગને આવરી લેવા માટે ભંડોળનો સ્ત્રોત કરવામાં સક્ષમ હશે, જેનાથી તેમના બજેટ પર પ્રાપ્તિ સંબંધિત ખર્ચની અસરમાં ઘટાડો થશે.

### નાણાકીય ખર્ચ

IIPDF પ્રોજેક્ટ ખર્ચના <u>75%</u> સુધીનું યોગદાન સ્પોન્સરિંગ ઓથોરિટીને વ્યાજ મુક્ત લોન તરીકે આપશે. બાકી 25% સ્પોન્સરિંગ ઓથોરિટી દ્વારા સહ–ભંડોળ આપવામાં આવશે.

- <u>બોલી પ્રક્રિયા</u> અથવા <u>બિડિંગ પ્રક્રિયા સફળતાપૂર્વક</u> પૂર્ણ થવા પર સફળ બિડર પાસેથી પ્રોજેક્ટ વિકાસ ખર્ચ વસૂલ કરવામાં આવશે.
- જોકે બિડિંગ પ્રક્રિયા નિષ્ફળ જવાના કિસ્સામાં લોનને <u>ગ્રાન્ટમાં</u> રૂપાંતરિત કરવામાં આવશે.
- જો સ્પોન્સરિંગ ઓથોરિટી કોઈપણ કારણોસર બિડિંગ પ્રક્રિયા પૂર્ણ નહીં કરે, તો યોગદાન આપેલી સંપૂર્ણ રકમ IIPDFને પરત કરવામાં આવશે.

નોંધ : PPPનું પૂરું નામ '<u>પબ્લિક–પ્રાઈવેટ પાર્ટનરશિપ</u>' છે.

## પીઢ સાહિત્યકાર શ્રી મોહમ્મદ માંકડનું નિધન

'સુખ એટલે તમારી પાસે જે ફૂલો હોય,
તેમાંથી ગજરો બનાવવાની કળા''

''દરેક માણસના લોહીમાં પશુના લોહીનો અંશ પડેલો જ હોય છે,
પરંતુ જ્યાં સુધી એને એની જરૂરિયાત જેટલું જ ખાવાનું મળે છે
ત્યાં સુધી પોતાનું પોત એ પ્રકાશતું નથી. જરૂરિયાતથી વધારે,
વિપુલ પ્રમાણમાં જ્યારે એને વસ્તુઓની પ્રાપ્તિ થાય છે
ત્યારે જ એનામાં રહેલા પશુઓના લક્ષણો સપાટી ઉપર આવે છે''






ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાતના પીઢ સાહિત્યકાર શ્રી મોહમ્મદ માંકડનું તાજેતરમાં 95 વર્ષની વયે નિધન થયું છે.

- સાહિત્ય ક્ષેત્રે ટૂંકી વાર્તા, નવલકથા, ચિંતનાત્મક નિબંધ, અનુવાદ, બાળવાર્તા અને પત્રકારત્વ ક્ષેત્રે તેમનું મોટું યોગદાન રહ્યું છે.

## શ્રી મોહમ્મદ માંકડ

- જન્મ : 13 ફેબ્રુઆરી, 1928
- જન્મ સ્થળ : પાળિયાદ, બોટાદ
- પૂરું નામ : શ્રી મોહમ્મદ વલીભાઈ માંકડ
- નિધન : 5 નવેમ્બર, 2022



શ્રી મોહમ્મદ માંકડનું પૂરું નામ શ્રી મોહમ્મદ વલીભાઈ માંકડ છે.

- 13 ફેબ્રુઆરી 1928ના રોજ ગુજરાતમાં વર્તમાન બોટાદ જિલ્લાના પાળિયાદ ખાતે તેમનો જન્મ થયો હતો.
- શ્રી મોહમ્મદ માંકડ ગુજરાતના પ્રસિદ્ધ નવલકથાકાર, ટૂંકીવાર્તાકાર, કટાર લેખક, અનુવાદક અને બાળવાર્તાકાર છે.
- તેઓ 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થતી 'કેલિડોસ્કોપ' નામની કટારથી ખૂબ જ લોકપ્રિય થયા હતા.
- તેમની નવલકથાઓમાં કાયર, ધુમ્મસ, અજાણ્યા બે જણ, ગ્રહણરાત્રી, રાતવાસો, ખેલ, દંતકથા, બંધનગર (ભાગ 1 અને 2), ઝંખના, અનુત્તર, અશ્વદોડ વગેરેનો સમાવેશ થાય છે.
- તેમણે માટીની મૂર્તિઓ, મનના મરોડ, વાત વાતમાં, ના, તપ, ઝાકળના મોતી અને મોહમ્મદ માંકડની વાર્તાઓ જેવા ટૂંકીવાર્તાના પુસ્તકો સર્જ્યા છે.
- આજની ક્ષણ, કેલિડોસ્કોપ (ભાગ 1 થી 4), સુખ એટલે, આપણે માણસ (ભાગ 1 અને 2) અને ઉજાસ તેમના નિબંધ સંગ્રહો છે.
- ચંપુકથાઓ (ભાગ 1 અને 2) તેમની બાળવાર્તાનો સંગ્રહ છે.
- આ ઉપરાંત તેમણે 'મહાનગર'નો અનુવાદ કર્યો હતો.
- શ્રી મોહમ્મદ માંકડ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના 1984 થી 1990 સુધી સભ્ય રહ્યા હતા.
- તેઓએ ગુજરાત યુનિવર્સિટીના સેનેટનું પદ શોભાવ્યુ હતું.
- શ્રી મોહમ્મદ માંકડ 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના પ્રથમ અધ્યક્ષ હતા.
- તેઓ સૌપ્રથમ 1982માં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## એવોર્ડ

શ્રી મોહમ્મદ માંકડને મળેલા એવોર્ડ નીચે મુજબ છે :

(1) રણજિતરામ સુવર્ણચંદ્રક - 2007

(2) ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ - 1967 અને 1992

(3) ગુજરાત સરકાર તરફથી એવોર્ડ 1969, 1971 અને 1973

(4) સાહિત્ય ગૌરવ પુરસ્કાર - 2018

# મેક - II પ્રોજેક્ટમાં સમાવિષ્ટ નવીન ઉત્પાદનો

તાજેતરમાં ભારતીય સેનાએ સંરક્ષણ ખરીદની મેક-II પહેલ હેઠળ ભારતીય ઉદ્યોગો દ્વારા વિકસિત જટિલ તકનીક માટે પાંચ પ્રોજેક્ટ મંજૂરી ઓર્ડર (PSOs) મંજૂર કર્યા છે.

## મેક - II પ્રોજેક્ટ

મેક-II પ્રોજેક્ટ અનિવાર્યપણે ઈન્ડસ્ટ્રી ફંડેડ પ્રોજેક્ટ છે.

- જેમાં પ્રોટોટાઈપના વિકાસ માટે ભારતીય વિક્રેતાઓ દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવેલા નવીન ઉકેલોનો સમાવેશ થાય છે.
- કુલ 43 પ્રોજેક્ટ્સમાંથી, 22 પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ સ્ટેજમાં છે અને કુલ પ્રોજેક્ટ ખર્ચ (રૂ 27,000 કરોડ)ના 66% (રૂ 18,000 કરોડ) જેટલો છે.

### (1) હાઈ ફ્રિક્વન્સી મેન પેક્ડ સોફ્ટવેર ડિફાઈન્ડ રેડિયો (HFSDR)

આ રેડિયો સેટ હાલની મર્યાદિત ડેટા હેન્ડલિંગ ક્ષમતા અને જૂની ટેક્નોલોજી હાઈ ફ્રીકવન્સી રેડ્યો સેટને ઈન્વેન્ટરીમાં બદલશે.

- અત્યાધુનિક હળવા વજનનું HFSDR વધેલી બેન્ડ્વિડ્થ અને સુરક્ષા તથા વધેલી ડેટા ક્ષમતા દ્વારા લાંબા અંતરનું રેડિયો સંચાર પ્રદાન કરશે.

### (2) ડ્રોન કિલ સિસ્ટમ

ડ્રોન કિલ સિસ્ટમ એ લો રેડિયો ક્રોસ સેક્શન ડ્રોન સામે હાર્ડ કિલ એન્ટી ડ્રોન સિસ્ટમ છે.

- તેને તમામ પ્રકારના ક્ષેત્રોમાં દિવસ–રાત કામ કરવા માટે વિકસાવવામાં આવી રહ્યું છે.

### (3) ઈન્ફન્ટ્રી ટ્રેનિંગ વેપન સિમ્યુલેટર (IWTS)

IWTS એ મુખ્ય સેવા તરીકે ભારતીય સેના સાથેનો પ્રથમ ત્રિ–સેવા મેક II પ્રોજેક્ટ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) મીડિયમ રેન્જ પ્રિસિઝન કિલ સિસ્ટમ (MRPKS)

MRPKS એકવાર લોન્ચ થયા બાદ હવામાં બે કલાક સુધી ઉડી શકે છે. અને તેની રેન્જ 40 કિમીના અંતર સુધી તેનું લક્ષ્ય બનાવી શકે છે.

## (5) 155mm ટર્મિનલી ગાઇડેડ મ્યુનિશન (TGM)

- ઉપરોક્ત દર્શાવેલ પાસાઓ ઉપરાંત <u>155mm ટર્મિનલી ગાઈડેડ મ્યુનિશન (TGM)</u>નો પણ સમાવેશ થયો છે.

નોંધ : (1) કેપિટલ એક્વિઝિશનની <u>'મેક' કેટેગરી</u> એ <u>'મેક ઈન ઈન્ડિયા'</u> પહેલનો પાયાનો પથ્થર છે. જેનો ઉદ્દેશ્ય જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોની ભાગીદારી દ્વારા સ્વદેશી ક્ષમતાઓનું નિર્માણ કરવાનો છે.

(2) <u>MAKE-1</u> એ સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટનો ઉલ્લેખ કરે છે, જ્યારે <u>MAKE-2</u> એ ઉદ્યોગ ફંડવાળા કાર્યક્રમોને આવરી લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(A)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' _____ ના રોજ ઉજવાય છે.
   (A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી **(C)**

3. તાજેતરમાં નીચેના પૈકી કયા દિવસના રોજ 'બાળ સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?
   (A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ IIPDF યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. તેમાં IIPDFનું પૂરું નામ 'ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડ' છે.
   2. આ યોજનાની સ્થાપના વર્ષ 2007માં કરવામાં આવી હતી.
   3. તેનો હેતુ ગુણવત્તાયુક્ત પ્રોજેક્ટ વિકાસ પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં ગુજરાતના પીઢ સાહિત્યકાર શ્રી મોહમ્મદ માંકડનું નિધન થયું છે. તેમનું જન્મ સ્થળ જણાવો ?
   (A) બાવળા, અમદાવાદ (B) પાળિયાદ, બોટાદ
   (C) સાયલા, સુરેન્દ્રનગર (D) ચાવંડ, અમરેલી **(B)**

6. શ્રી મોહમ્મદ માંકડનું પૂરું નામ શું છે ?
   (A) શ્રી મોહમ્મદ હનીભાઈ માંકડ (B) શ્રી મોહમ્મદ ગનીભાઈ માંકડ
   (C) શ્રી મોહમ્મદ વલીભાઈ માંકડ (D) શ્રી મોહમ્મદ સનીભાઈ માંકડ **(C)**

7. 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થતી કઈ કટારથી શ્રી મોહમ્મદ માંકડ ખૂબ જ લોકપ્રિય થયા હતા ?
   (A) જીવન સંધ્યા (B) જીવન આનંદ (C) જીવન ઉલ્લાસ (D) કેલિડોસ્કોપ **(D)**

8. શ્રી મોહમ્મદ માંકડને કયા વર્ષે 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' એનાયત થયો હતો ?
   (A) 2016 (B) 2017 (C) 2018 (D) 2019 **(C)**

9. તાજેતરમાં ભારતીય સેનાએ સંરક્ષણ ખરીદની _____ પહેલ હેઠળ ભારતીય ઉદ્યોગો દ્વારા વિકસિત જટિલ તકનીક માટે પાંચ પ્રોજેક્ટ મંજૂરી ઓર્ડર (PSO)ની મંજૂરી આપી છે.
   (A) IN-II (B) MAKE-II (C) DR-II (D) WAKE-II **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ (World Urbanisam Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 નવેમ્બરના રોજ 'વિશ્વ શહેરીકરણ દિવસ' ઉજવાય છે.

- તેને 'વિશ્વ ટાઉન પ્લાનિંગ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસ શહેરીકરણની સફળતાઓને પ્રોત્સાહન આપવા અને શહેરીકરણ દ્વારા ઊભા થયેલા ચોક્કસ પડકારોને પહોંચી વળવા માટે ઉજવવામાં આવે છે.

નોંધ : 'વિશ્વ શહેરીકરણ દિવસ' 8 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ શહેર દિવસ' 31 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

## ગુજરાતમાં 15મી વિધાનસભા ચૂંટણીની જાહેરાત



3 નવેમ્બર, 2022ના રોજ ભારતના ચૂંટણી પંચે ગુજરાત રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત ગુજરાતમાં બે તબક્કામાં મતદાન યોજાશે.
- ગુજરાતમાં 1 ડિસેમ્બર અને 5 ડિસેમ્બરના રોજ મતદાન થશે.
- ગુજરાત ઉપરાંત હિમાચલ પ્રદેશમાં પણ નવેમ્બર મહિનામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી.
- જ્યારે મત ગણતરીની ગુજરાત સાથે હિમાચલ પ્રદેશની પણ 8 ડિસેમ્બરે થશે.

નોંધ :(1) આ ચૂંટણીમાં કુલ 4.90 કરોડ મતદારો માટે 51,782 મતદાન મથકો હશે.

(2) મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે જણાવ્યું હતુ કે, દરેક બેઠકમાં ઓછામાં ઓછુ એક મતદાન મથક સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલન થશે.

(3) જો 80 વર્ષથી ઉપરના મતદારો ઈચ્છશે તો તેઓ ફોર્મ 12D દ્વારા પોસ્ટલ મતદાન કરી શકશે જેની વીડિયોગ્રાફી પણ થશે.

(4) તમામ મતદાન મથકે પીવાના પાણી, રેમ્પ, ટોઈલેટ, વેઈટિંગ રૂમ જેવી સુવિધા પણ આપવામાં આવશે.

(5) ગીર સોમનાથ જિલ્લામાં ગીરના જંગલમાં આવેલ બાણેજ ખાતે માત્ર એક મતદાન માટે મતદાન મથક ઊભુ કરવામાં આવશે.

(6) બાણેજ ખાતેના મહંત અને એક માત્ર અનોખા મતદાતા શ્રી હરિદાસ ગુરૂ દર્શન દાસ ઉદાસીન બાપુ મત આપશે. આ અગાઉ બાણેજમાં મહંત શ્રી ભરતદાસ બાપુ હતા. જેનું નિધન થયા બાદ હરિદાસ ગુરૂ દર્શનદાસ ઉદાસીન બાપુ બાણેજના મહંત બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITION

## કેન્દ્રીય ચૂંટણી પંચ વિશે

કેન્દ્રીય ચૂંટણી પંચ એ એક સ્થાયી અને બંધારણીય સંસ્થા છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અનુસાર લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ચૂંટણીપંચનું માળખું

### ભારતના મુખ્ય તથા અન્ય ચૂંટણી કમિશનર

ભારતીય બંધારણના અનુચ્છેદ 324 (2) મુજબ ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરની રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલી સંખ્યા હોય છે.

- રાષ્ટ્રપતિ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 (3) મુજબ જ્યારે અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવશે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર એ ચૂંટણીપંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.
- વર્તમાન ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય બે ચૂંટણી કમિશનરની જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામુ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

### ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ 6 વર્ષ અને 65 વર્ષની ઉંમરએ બે માંથી જે પહેલા આવે તે હોય છે.

### ચૂંટણી કમિશનરના વેતન અને ભથ્થા

ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.

- તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ જેટલું જ વેતન અને ભથ્થા આપવામાં આવે છે.

## ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવાની પ્રક્રિયા

મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશને દૂર કરવાની પ્રક્રિયા મુજબ જ છે.

- જ્યારે અન્ય ચૂંટણી કમિશનરને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી હટાવી શકે છે.

નોંધ: (1) કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણીપંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

## કેન્દ્રીય ચૂંટણી પંચના કાર્યો અને શક્તિઓ

(1) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરવું.

(2) ચૂંટણીની તારીખો અને કાર્યક્રમની જાહેરાત કરવી.

(3) રાજકીય પક્ષોને માન્યતા તથા ચૂંટણી નિશાન (Election Symbol)ની ફાળવણી કરવી.

(4) રાજકીય પક્ષોને ચૂંટણીમાં તેમના પ્રદર્શનના આધારે રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરના રાજકીય પક્ષ તરીકે દરજ્જો આપવો.

(5) ચૂંટણીની આચાર સંહિતા તૈયાર કરવી.

(6) સંસદ સભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતોમાં રાષ્ટ્રપતિને તથા રાજ્ય વિધાનમંડળના સભ્યોની ગેરલાયકાત અંગે રાજ્યપાલને સલાહ આપવી.

(7) રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજ્યમાં 1 વર્ષ પછી ચૂંટણી કરવી કે નહિ તે નક્કી કરવું.

નોંધ: (1) ભારતના વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર <u>શ્રી રાજીવકુમાર</u> છે. (નવેમ્બર, 2022ની સ્થિતિએ)

(2) ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર <u>શ્રી સુકુમાર સેન</u> હતા.

(3) ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ <u>શ્રીમતી વી.એસ.રમાદેવી</u> (કાર્યકારી) છે.

## આદર્શ આચાર સંહિતા

આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct)એ ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો પર નિયમન અને નિયંત્રણ માટે તૈયાર કરવામાં આવેલ નિયમોની એક સૂચિ છે.

- સામાન્ય રીતે <u>ચૂંટણીની તારીખ જાહેર થતાં જ</u> આદર્શ આચાર સંહિતા લાગુ થઈ જાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આચાર સંહિતા ક્યાં સુધી અમલમાં રહે છે ?

ચૂંટણીની તારીખ જાહેર થાય ત્યારે આદર્શ આચાર સંહિતા લાગુ થાય છે અને જ્યારે ચૂંટણીની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે એટલે કે ચૂંટણીનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી તે અમલમાં રહે છે.

## ભારતમાં આદર્શ આચાર સંહિતાનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1960માં કેરળ વિધાનસભા ચૂંટણીમાં આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવી હતી.

- ત્યારબાદ ભારતમાં ઈ.સ. 1962માં સૌપ્રથમ વખત લોકસભા ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોને આદર્શ આચાર સંહિતાનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## આદર્શ આચાર સંહિતાના નિયમો

આદર્શ આચાર સંહિતામાં ભાષણો, મતદાન કેન્દ્ર, મતદાન દિવસ, ચૂંટણી ઘોષણાપત્રો, રેલીઓ, સભાઓ વગેરે અંગેના નિયમોનો સમાવેશ થાય છે. જેમાંના કેટલાક નિયમો આ પ્રમાણે છે :

(1) આચાર સંહિતા અમલમાં આવ્યા બાદ મંત્રીઓ સરકાર પાસે કોઈ નાણાકીય અનુદાનની માંગ કરી શકે નહિ.

(2) આ ઉપરાંત તેઓ ચૂંટણી પ્રચાર માટે સરકારી નાણાં કે વાહનોનો ઉપયોગ કરી શકે નહિ.

(3) સરકાર કોઈ નવી યોજનાઓની જાહેરાત કરી શકે નહિ.

(4) સરકાર કે જાહેર ક્ષેત્રમાં નવી નિમણૂક થઈ શકે નહિ.

(5) મતદાન કેન્દ્રના 100 મીટરના વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના 48 કલાક પહેલાથી કોઈ સભા કે પ્રચાર કરી શકાય નહિ.

(6) શૌર્ય પુરસ્કારોથી સમ્માનિત સશસ્ત્ર દળોના સૈનિકોના ફોટાનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરી શકાય નહિ.

(7) ચૂંટણી પંચે નક્કી કરેલી મર્યાદા અનુસાર જ ઉમેદવાર ચૂંટણી માટે નાણા ખર્ચી શકે છે. ચૂંટણી પૂરી થયા બાદ આ ખર્ચનો પૂરો હિસાબ ઉમેદવારે ચૂંટણી પંચને આપવાનો હોય છે. અને જો આ હિસાબ આપવામાં તે નિષ્ફળ જાય તો ચૂંટણીપંચ તેને ગેરલાયક ઠેરવે છે.

નોંધ: (1) ગુજરાતમાં વર્તમાન 14મી વિધાનસભા ચાલુ છે તથા તાજેતરની સામાન્ય ચૂંટણી પૂરી થયા બાદ 15મી વિધાનસભા કાર્યરત થશે.

(2) ગુજરાત વિધાનસભામાં કુલ 182 બેઠક આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂંટણી બોન્ડ યોજનામાં સુધારો

કેટલાક રાજ્યોમાં ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા ઈલેક્ટોરલ બોન્ડ યોજનામાં સુધારો કર્યો છે.

### ચૂંટણી બોન્ડ શું છે ?

ચૂંટણી બોન્ડને અંગ્રેજીમાં '**Electoral Bond**' તરીકે ઓળખવામાં આવે છે.

- ભારતમાં વિવિધ વ્યક્તિ, કંપની કે સંસ્થા દ્વારા રાજકીય પક્ષોને આપવામાં આવતા દાનને સ્વચ્છ તથા ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ બોન્ડ લાવવામાં આવ્યા હતા.
- આ બોન્ડ ફક્ત ભારતીય વ્યક્તિ જ ખરીદી શકે છે.
- આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે થાય છે.
- આ બોન્ડની સમય મર્યાદા 15 દિવસ સુધીની હોય છે.
- એક વખત લીધા બાદ 15 દિવસમાં આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે કરવાનો હોય છે.
- નોંધનીય છે કે કોઈ વ્યક્તિ એકલો અથવા અન્ય વ્યક્તિઓ સાથે સંયુક્ત રીતે બોન્ડ ખરીદી શકે છે.
- આ બોન્ડ **SBI**ની પસંદગીયુક્ત શાખાઓમાંથી ખરીદી શકાય છે.

નોંધ: (1) ભારતમાં રાજકીય ભંડોળને પારદર્શક બનાવવા માટે 'ચૂંટણી બોન્ડ યોજના' વર્ષ **2018**માં શરૂ કરવામાં આવી હતી.

(2) સરકારે આ યોજનાને 'કેશલેશ–ડિજિટલ અર્થતંત્ર' તરફ આગળ વધી રહેલા દેશમાં 'ચૂંટણી સુધારણા' તરીકે વર્ણવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### યોજનામાં કરવામાં આવેલ સુધારાઓ

#### 15 દિવસનો વધારાનો સમયગાળો

તેમાં નવી જોગવાઈ સામેલ છે કે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા 15 દિવસનો વધારાનો સમય નિર્દિષ્ટ કરવામાં આવશે.

- જ્યારે વર્ષ 2018માં ચૂંટણી બોન્ડ યોજના રજૂ કરવામાં આવી હતી ત્યારે આ બોન્ડ્સ કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરી શકાય તે મુજબ જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબરમાં દરેક 10 દિવસના સમયગાળા માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

#### માન્યતા

ઈલેક્ટોરલ બોન્ડ ઈશ્યુ થયાની તારીખથી 15 કેલેન્ડર દિવસો માટે માન્ય રહેશે.

- અને જો ઈલેક્ટોરલ બોન્ડ્સ માન્યતા અવધિની સમાપ્તિ પછી જમા કરાવવામાં આવે તો કોઈપણ પ્રાપ્તકર્તા રાજકીય પક્ષને ચૂકવણી કરવામાં આવશે નહીં.
- લાયક રાજકીય પક્ષ દ્વારા જમા કરાયેલ ચૂંટણી બોન્ડ તે જ દિવસે તેના ખાતામાં જમા કરાવવામાં આવશે.

### પાત્રતા

ભારતમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951ની કલમ 29A નોંધાયેલા કોઈપણ રાજકીય પક્ષને આ બોન્ડ દાનમાં આપી શકાય છે.

- જોકે, આ માટે આ પક્ષને છેલ્લી ચૂંટણીમાં ઓછામાં ઓછા 1 ટકા મત મળ્યા હોવા જરૂરી છે.

## ફાલ્કન હેવી રોકેટ



તાજેતરમાં SpaceXએ અમેરિકાના ફલોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટર ખાતે લોન્ચ કોમ્પલેક્સ 39Aથી જીઓસિંક્રોનસ અર્થ ભ્રમણકક્ષામાં '**Falcon Heavy**' રોકેટ લોન્ચ કર્યુ હતું.

- આ વિશાળ રોકેટ સિસ્ટમનું ચોથુ પ્રક્ષેપણ છે.
- આ રોકેટ અમેરિકન સ્પેસ ફોર્સ (USSF)-44 નામના મિશન માટે યુએસ આર્મીના ઉપગ્રહોને અવકાશમાં લઈ જશે.
- આ મિશનમાં બે અવકાશયાન પેલોડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. જેમાંથી TETRA 1 માઈક્રોસેટેલાઈટ છે. જે ભૂ–સિંક્રનસ પૃથ્વી ભ્રમણકક્ષામાં અને તેની આસપાસના વિવિધ પ્રોટોટાઈપ મિશન માટે રચાયેલ છે. તથા બીજો પેલોડ રાષ્ટ્રીય સંરક્ષણ હેતુઓ માટે છે.
- તે સ્પેસ સિસ્ટમ કમાન્ડની નવીનતા અને પ્રોટોટાઈપિંગ માટે ઉપગ્રહો રાખશે.

### ફાલ્કન હેવી રોકેટ

સ્પેસએક્સ અનુસાર ફાલ્કન હેવી બે પરિબળોને કારણે વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ છે.

- આ રોકેટની ઊંચાઈ 70 મીટર, પહોળાઈ 12.2 મીટર અને વજન 1420 કિલોગ્રામ છે.
- ફાલ્કન હેવી 27 મર્લિન એન્જિનો દ્વારા સંચાલિત છે જે એકસાથે લિફ્ટ ઓફ સમયે પાંચ મિલિયન પાઉન્ડથી વધુ થ્રસ્ટ જનરેટ કરે છે. તેની સંપૂર્ણ ક્ષમતા પર લગભગ અઢાર 747 એરક્રાફ્ટની સમકક્ષ છે, જે તેને અત્યાર સુધીનું સૌથી સક્ષમ રોકેટ બનાવે છે.

- આ રોકેટ દ્વારા લગભગ <u>64 મેટ્રિક ટન</u> વજન ભ્રમણકક્ષામાં લઈ જઈ શકાય છે.
- ફાલ્કન હેવી વધારાના થ્રસ્ટ અને લિફ્ટ ક્ષમતા માટે ત્રણ બુસ્ટરનો ઉપયોગ કરે છે.
- સ્પેસએક્સે છેલ્લે <u>જૂન 2019</u>માં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરમાંથી તેનું ફાલ્કન હેવી રોકેટ લોન્ચ કર્યુ હતું. આ દરમિયાન તેણે સ્પેસ પ્રોગ્રામ 2ના ભાગરૂપે 24 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા.

**નોંધ:** (1) મર્લિન એ <u>ફાલ્કન 1</u>, <u>ફાલ્કન 9</u> અને <u>ફાલ્કન હેવી</u> પ્રક્ષેપણ વાહનોમાં ઉપયોગમાં લેવાતા <u>SpaceX</u> દ્વારા વિકસિત <u>રોકેટ એન્જિન</u>નો એક પરિવાર છે.

(2) મર્લિન એન્જિન ગેસ–જનરેટર પાવર સાયકલમાં રોકેટ પ્રોપેલન્ટ તરીકે <u>RP-1</u> અને <u>લિક્વિડ ઓક્સિજન</u>નો ઉપયોગ કરે છે.

(3) ફાલ્કન હેવી એ અમેરિકાની <u>SpaceX</u> નામની કંપની દ્વારા વિકસાવવામાં આવેલું રીઝ્યુઝેબલ હેવીલિફ્ટ લોન્ચ વ્હીકલ છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ શહેરીકરણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 નવેમ્બર (B) 7 નવેમ્બર (C) 8 નવેમ્બર (D) 10 નવેમ્બર (C)

2. 'વિશ્વ શહેર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 30 ઓગસ્ટ (B) 31 ઓક્ટોબર (C) 30 નવેમ્બર (D) 3 ડિસેમ્બર (B)

3. તાજેતરમાં ગુજરાત રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ છે. ગુજરાત રાજ્યમાં વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ?

(A) 182 (B) 282 (C) 11 (D) 33 (A)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલા Electoral Bond (ચૂંટણી બોન્ડ)નો ઉપયોગ શા માટે થાય છે ?

(A) ચૂંટણીનું ફોર્મ ભરવા માટે

(B) ચૂંટણીના પ્રચાર માટે

(C) કર્મચારીઓને ચૂંટણીની ડ્યૂટીનું વેતન આપવા માટે

(D) રાજકીય પક્ષોને દાન આપવા માટે (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. એક વખત લીધા બાદ વધુમાં વધુ કેટલા દિવસ સુધીમાં 'ચૂંટણી બોન્ડ' રાજકીય પક્ષોને દાનમાં આપી શકાય છે ?

(A) 15 દિવસ (B) 30 દિવસ (C) 60 દિવસ (D) 90 દિવસ (A)

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Falcon Heavy' શું છે ?

(A) જાપાન દ્વારા નિર્મિત સુપર કમ્પ્યૂટર

(B) ચીન દ્વારા અવકાશમાં બનાવવામાં આવેલું સ્પેસ સ્ટેશન

(C) SpaceX દ્વારા નિર્મિત વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ

(D) ભારતની સ્કોર્પિયન ક્લાસની પાંચમી સબમરીન (C)

## દિવસ મહિમા : 09 નવેમ્બર, રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ (National Legal Service Day)

'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' અથવા 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' (NSLSD) ભારતમાં દર વર્ષે 9 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.




- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં કાયદાકીય જાગૃતિ ફેલાવવાનો, સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને મફત અને કાનૂની સહાય અને સલાહ આપવાનો છે, જેથી તમામ માટે ન્યાય સુનિશ્ચિત થઈ શકે.
- રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ સૌપ્રથમ વર્ષ 1995માં ભારતની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા સમાજના ગરીબ અને નબળા વર્ગોને મદદ અને ટેકો આપવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.
- ભારતીય સંસદનો 'ભારતીય કાનૂની સેવા સત્તા અધિનિયમ, 1987' 9 નવેમ્બર, 1995ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં 9 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## શ્રી ઋતુરાજ અવસ્થીને કાયદા પંચના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



તાજેતરમાં હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ શ્રી ઋતુરાજ અવસ્થીને વર્ષ 2020માં રચાયેલા કાયદાપંચના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- શ્રી ઋતુરાજ અવસ્થીએ આ અગાઉ 11 ઓક્ટોબર, 2021 થી 2 જૂલાઈ 2022 સુધી કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત અલહાબાદ હાઈકોર્ટમાં 2009 થી 2021 સુધી ન્યાયાધીશ તરીકે પણ સેવા આપી છે.

### ભારતનું કાયદા પંચ

ભારતનું કાયદા પંચ અથવા લો કમિશન ઓફ ઈન્ડિયા એ ભારત સરકાર દ્વારા સમયાંતરે રચવામાં આવતી બિન–વૈધાનિક સંસ્થા છે.

- કાયદામાં સુધારો સૂચવવા માટે સરકાર દ્વારા સમયાંતરે કારોબારીના એક આદેશ દ્વારા કાયદા પંચની રચના કરવામાં આવે છે.
- ભારતમાં આઝાદી પહેલા ચાર કાયદા પંચની રચના કરવામાં આવી હતી.

- પ્રથમ કાયદા પંચની સ્થાપના વર્ષ 1834માં બ્રિટિશ શાસન દરમિયાન 1833ના ચાર્ટર એક્ટ દ્વારા કરવામાં આવી હતી. અને તેનું નેતૃત્વ લોર્ડ મેકોલે દ્વારા કરવામાં આવ્યું હતું.

## આઝાદી પહેલાના કાયદા પંચ

| ક્રમ | સ્થળ | અધ્યક્ષ |
|---|---|---|
| 1 | 1834 | લોર્ડ મેકોલે |
| 2 | 1853 | સર જોન રોમિલી |
| 3 | 1861 | સર જોન રોમિલી |
| 4 | 1879 | ડો. વ્હાઈટલી સ્ટોક્સ |

## આઝાદી બાદ ભારતમાં કાયદાપંચ

સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પંચની સ્થાપના વર્ષ 1955માં ત્રણ વર્ષની મુદ્દત માટે કરવામાં આવી હતી.

- આ પ્રથમ કાયદા પંચના અધ્યક્ષ શ્રી એમ.સી. સેતલવાડ હતા. જેઓ ભારતના પ્રથમ અટર્ની જનરલ પણ હતા.

## કાયદા પંચનો ઉદ્દેશ

(a) તે કાયદા અને ન્યાય મંત્રાલયની સલાહકાર સંસ્થા તરીકે કામ કરે છે.

(b) કાયદા પંચનું કાર્ય કાયદાકીય સંશોધન કરવાનું અને ભારતમાં પ્રવર્તમાન કાયદાઓની સમીક્ષા કરવાનું છે. જેથી કરીને તેમાં સુધારો કરી શકાય અને કેન્દ્ર સરકાર અથવા સ્વ પ્રેરણા દ્વારા આ સંદર્ભમાં નવા કાયદા બનાવી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાયદા પંચનું માળખું

કાયદા પંચનું માળખુ

- 1 અધ્યક્ષ (પૂર્ણ સમય)
- ચાર પૂર્ણ-સમયના સભ્ય (સચિવ સહિત)
- કાયદા મંત્રાલયના કાયદા અને વિધાન સચિવ આ કમિશનના હોદ્દેદાર સભ્ય હશે.
- તેમાં અંશકાલિક સભ્યોની સંખ્યા પાંચથી વધુ ન હોવી જોઈએ

નોંધ: (1) સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ અથવા હાઈકોર્ટના ચિફ જસ્ટિસ આ કમિશનના અધ્યક્ષ હશે.

(2) કાયદા પંચે તેના 262મા અહેવાલમાં આતંકવાદ અને રાજ્ય સામેના યુદ્ધ સિવાયના ગુનાઓ માટે ફાંસીની સજા નાબૂદ કરવાની ભલામણ કરી હતી.

(3) ચૂંટણી સુધારણા (1999) પરના તેના અહેવાલમાં શાસન અને સ્થિરતા સુધારવા માટે લોકસભા અને રાજ્ય વિધાનસભાની એક સાથે ચૂંટણીઓ યોજવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

(4) આ ઉપરાંત કાયદા પંચે દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની ભલામણ કરી હતી.

(5) આ અગાઉ 21મા કાયદા પંચના અધ્યક્ષ શ્રી બલબીર સિંહ ચૌહાણ હતા.

## Global Gender Wealth Equity Report 2022



WTWનો 'ગ્લોબલ જેન્ડર વેલ્થ ઈક્વિટી રિપોર્ટ 2022' તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો.

- ગ્લોબલ જેન્ડર વેલ્થ ઈક્વિટી રિપોર્ટ WTW અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યો હતો.
- તે વિશ્વના પાંચ પ્રદેશોમાં લિંગ–આધારિત સંપત્તિના તફાવતની શોધ કરે છે.
- તે અસમાનતા પાછળના કારણોનું મૂલ્યાંકન કરે છે જેમ કે કારકિર્દી, કૌટુંબિક સમર્થન, જીવનની ઘટનાઓ અને નાણાકીય સાક્ષરતા.
- તે નિવૃત્તિ સમયે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના લિંગ સંપત્તિના તફાવતને પણ માપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

### રિપોર્ટના મુખ્ય તારણો

આ રિપોર્ટ અનુસાર જ્યારે મહિલાઓ નોકરીમાંથી નિવૃત્ત થશે ત્યારે તેમની પાસે પુરુષોની સંચિત સંપત્તિના માત્ર 74 ટકા જ હશે.

- તેનું મુખ્ય કારણ પે ગેપ અને પ્રમોશનમાં વિલંબ છે.
- એશિયા–પેસિફિકમાં ભારતમાં સૌથી ખરાબ જાતિય સંપત્તિનો તફાવત છે. જેના કારણો નીચે મુજબ છે :

(1) ભારતનો જેન્ડર વેતન તફાવત વૈશ્વિક સરેરાશ કરતા વધારે છે. આ ખાસ કરીને વ્યાવસાયિક અને તકનીક ભૂમિકાઓમાં પ્રચલિત છે.

(2) મહિલાઓ માટે નેતૃત્વની ભૂમિકાઓ મર્યાદિત છે. વર્કફોર્સમાં માત્ર 3 ટકા મહિલાઓ જ વરિષ્ટ સ્તરના હોદ્દા ધરાવે છે.

(3) સ્ત્રીઓ નાની ઉંમરે જ બાળઉછેરની જવાબદારી નિભાવે છે. તેનાથી નાણાકીય બોજો વધે છે જે એકલા વહન કરી શકતા નથી.

(4) લાંબા ગાળાના નાણાકીય નિર્ણયો સામાન્ય રીતે પુરુષોના હાથમાં હોય છે.

(5) ભારતમાં કામ કરતી મહિલાઓની નાણાકીય સાક્ષરતા ઓછી છે.

- સરેરાશ એશિયા–પેસિફિકમાં સૌથી ઓછુ વૈશ્વિક સંપત્તિ અંતર છે.
- આ પ્રદેશમાં મહિલાઓ પુરુષોના સંપત્તિ સ્તરના લગભગ ત્રણ ચતુર્થાંશ (76%) ધરાવે છે, જે વૈશ્વિક સરેરાશ કરતા માત્ર 2 પોઈન્ટ વધારે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** ભારતમાં 'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(B)**

**2.** તાજેતરમાં 22માં કાયદા પંચના અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી ઋતુરાજ અવસ્થી (B) શ્રી બલવીર સિંઘ

(C) શ્રી વિનાયક અગ્રવાલ (D) શ્રી શરદનાથ પ્રાજ્વલ **(A)**

**3.** ભારતના કાયદા પંચ અથવા લો કમિશન ઓફ ઈન્ડિયા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારત સરકાર દ્વારા સમયાંતરે રચવામાં આવતી બિન–વૈધાનિક સંસ્થા છે.
2. ભારતમાં આઝાદી પહેલા પ્રથમ કાયદા પંચની સ્થાપના વર્ષ 1834માં બ્રિટીશ શાસન દરમિયાન 1833ના ચાર્ટર એક્ટ દ્વારા કરવામાં આવી હતી.
3. સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પંચની સ્થાપના વર્ષ 1947માં પાંચ વર્ષની મુદ્દત માટે કરવામાં આવી હતી.
4. તે કાયદા અને ન્યાય મંત્રાલયની સલાહકાર સંસ્થા તરીકે કાર્ય કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2 અને 3 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4.** સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પંચની સ્થાપના ______ વર્ષમાં ત્રણ વર્ષની મુદ્દત માટે કરવામાં આવી હતી ?

(A) 1952 (B) 1955 (C) 1957 (D) 1959 **(B)**

**5.** Global Gender Wealth Equity Report 2022 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ WTW અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યો હતો.
2. આ રિપોર્ટ વિશ્વના પાંચ પ્રદેશોમાં લિંગ–આધારિત સંપત્તિના તફાવતની શોધ કરે છે.
3. આ રિપોર્ટ અનુસાર સરેરાશ એશિયા–પેસિફિકમાં સૌથી વૈશ્વિક સંપત્તિ અંતર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 2 (D) 1, 2 અને 3 **(D)**

**દિવસ મહિમા : 10 નવેમ્બર, (1) શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ (World Science Day For Peace and Development)**
**(2) પરિવહન દિવસ**

## ટીવી ચેનલો માટે નવા નિયમો

તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયે નવા અપલિંકિંગ અને ડાઉનલોડિંગ નિયમોને સ્પષ્ટ કરતી માર્ગદર્શિકા જાહેર કરી છે.

- અગાઉ માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક એડવાઈઝર જાહેર કરીને સૂચવ્યું હતું કે કોઈપણ પ્રસારણ પ્રસાર ભારતી દ્વારા જ કરવું જોઈએ.

### નવી જોગવાઈઓ

ટેલિવિઝન ચેનલોએ દરરોજ 30 મિનિટ માટે રાષ્ટ્રીય હિત અથવા જાહેર સેવામાં સામગ્રીનું પ્રસારણ કરવું પડશે.

- જોકે, આ જવાબદારીઓ રમતગમત, વન્યજીવન અને વિદેશી ચેનલોને લાગુ પડશે નહીં.
- રાષ્ટ્રીય મહત્વના વિષયોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) શિક્ષણ અને સાક્ષરતાનો ફેલાવો

(2) કૃષિ અને ગ્રામીણ વિકાસ

(3) આરોગ્ય અને કુટુંબ કલ્યાણ

(4) વિજ્ઞાન અને ટેક્નોલોજી

(5) સ્ત્રીઓનું કલ્યાણ

(6) સમાજના નબળા વર્ગોનું કલ્યાણ



(7) પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસો તથા રાષ્ટ્રીય એકીકરણનું રક્ષણ

- કાર્યક્રમોના જીવંત પ્રસારણ માટે પરવાનગી મેળવવાની આવશ્યકતા દૂર કરવામાં આવી છે.
- સ્ટાન્ડર્ડ ડેફિનેશન (SD)થી હાઈ ડેફિનેશન (HD) અથવા તેનાથી વિપરીત ભાષામાં ફેરફાર અથવા ટ્રાન્સમિશન મોડમાં ફેરફાર માટે કોઈ પૂર્વ પરવાનગીની જરૂર નથી, માત્ર પૂર્વ સૂચનાની જરૂર પડશે.
- LLPs અથવા કંપનીઓને ભારતીય ટેલિપોર્ટમાંથી વિદેશી ચેનલોને અપલિંક કરવાની મંજૂરી આપવામાં આવશે જે રોજગારીની તકો ઊભી કરશે અને ભારતને અન્ય દેશો માટે ટેલિપોર્ટ–હબ બનાવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ડુપ્લિકેશન અને સામાન્ય પરિમાણોને ટાળવા માટે માર્ગદર્શિકાની રચના કરવામાં આવી છે.
- દંડની કલમોને તર્કસંગત બનાવવામાં આવી છે. અને હાલના એક સમાન દંડની તુલનામાં વિવિધ પ્રકારના ઉલ્લંઘનો માટે દંડની વિવિધ પ્રકૃતિની દરખાસ્ત કરવામાં આવી છે.

## Dynamic Ground Water Resource Assessment, 2022

તાજેતરમાં કેન્દ્રીય જલશક્તિના મંત્રીશ્રીએ વર્ષ 2022 માટે સમગ્ર દેશ માટે 'ડાયનેમિક ગ્રાઉન્ડ વોટર રિસોર્સ એસેસમેન્ટ રિપોર્ટ' (ગતિશીલ ભૂજલ સંસાધન આકલન, 2022) બહાર પાડ્યો હતો.

### રિપોર્ટના મુખ્ય તારણો

કુલ વાર્ષિક ભૂગર્ભજળ રિચાર્જ 437.60 બિલિયન ક્યુબિક મીટર (BCM) છે.

- વધુમાં દેશોમાં કુલ 7089 આકારણી કરેલ એકમોમાંથી 1006 એકમોને 'અતિશોષણ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- કુલ વાર્ષિક ભૂગર્ભ જળના નિષ્કર્ષણના લગભગ 87% એટલે કે 20849 BCM સિંચાઈના ઉપયોગ માટે છે.
- માત્ર 30.69 BCM સ્થાનિક અને ઔદ્યોગિક ઉપયોગ માટે છે, જે કુલ નિષ્કર્ષણના લગભગ 13% છે.

નોંધ: (1) આકારણી ભૂગર્ભજળ રિચાર્જમાં વધારો દર્શાવે છે.

(2) તેની સરખામણીમાં વર્ષ 2020ના મૂલ્યાંકનમાં જાણવા મળ્યુ છે કે વાર્ષિક ભૂગર્ભજળ રિચાર્જ 436 BCM અને નિષ્કર્ષણ 245 BCM હતું.

(3) તે ભૂગર્ભજળ રિચાર્જ (હાઈડ્રોલોજિક) પ્રક્રિયા છે જેમાં પાણી પૃથ્વી સપાટીથી નીચે તરફ જાય છે અને જલભરમાં સંગ્રહિત થાય છે. આથી આ પ્રક્રિયાને ડીપ ડ્રેનેજ અથવા ડીપ પરકોલેશન તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) વર્ષ 2022 માટેનું મૂલ્યાંકન દર્શાવે છે કે ભૂગર્ભજળનું નિષ્કર્ષણ 2004 પછી સૌથી ઓછુ છે, જ્યારે તે 231 BCM હતું.

### રાજ્ય મુજબ ભૂગર્ભજળ નિષ્કર્ષણ

દેશમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનું કુલ સ્તર 60.08% છે.

- હરિયાણા, પંજાબ, રાજસ્થાન, દાદરા અને નગરહવેલી, દમણ અને દીવમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનું સ્તર ખૂબ ઊંચુ છે. જ્યાં તે 100% કરતા વધુ છે.
- દિલ્હી તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને ચંદીગઢ, લક્ષદ્વીપ અને પુડુચેરીમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનો તબક્કો 60-100%ની વચ્ચે છે.
- બાકીના રાજ્યોમાં ભૂગર્ભજળના નિષ્કર્ષણનો તબક્કો 60%ની નીચે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર (D)

2. નીચેના પૈકી કયા દિવસે 'પરિવહન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર (D)

3. તાજેતરમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયે ટીવી ચેનલો માટે નવા નિયમો બહાર પાડ્યા છે. આ અંતર્ગત ટેલિવિઝન ચેનલોએ દરરોજ કેટલી મિનિટ માટે રાષ્ટ્રીય હિત અથવા જાહેર સેવા સામગ્રીનું પ્રસારણ કરવું પડશે ? (રમતગમત, વન્યજીવન અને વિદેશી ચેનલોને લાગુ પડશે નહીં)

(A) 30 મિનિટ (B) 20 મિનિટ (C) 5 મિનિટ (D) 3 મિનિટ (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. 'Dynamic Ground Water Resource Assessment, 2022' રિપોર્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર ભૂગર્ભજળ રિચાર્જ 437.60 બિલિયન ક્યુબિક મીટર (BCM) છે.

2. ભારતમાં ભૂગર્ભ જળના નિષ્કર્ષણનું કુલ સ્તર 60.08% છે.

3. હરિયાણા, પંજાબ, રાજસ્થાન, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવમાં ભૂગર્ભજળ નિષ્કર્ષણનું સ્તર ખૂબ ઊંચુ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 2 (D) 1, 2 અને 3 (D)

## દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (National Educational Day)



ભારતમાં દર વર્ષે 11 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારત સરકારના પ્રથમ શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદની યાદમાં તેમનો જન્મદિન 11 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008થી થયો હતો.

નોંધ : (1) શ્રી અબુલ કલામ આઝાદનો જન્મ 11 નવેમ્બર, 1888ના રોજ મક્કામાં થયો હતો, જે તે સમયે ઓટ્ટોલમન સામ્રાજ્યનો એક ભાગ હતો. હવે તે સાઉદી અરેબિયાનો એક ભાગ છે.

(2) તેમણે ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે વર્ષ 1947 થી વર્ષ 1958 સુધી સેવા આપી હતી.

## ગરૂડ - VII અભ્યાસ : ભારત - ફ્રાન્સ

તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF) અને ફ્રેન્સ એર એન્ડ સ્પેસ ફોર્સ (FASF) વચ્ચે જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે 'ગરૂડ VII' નામની દ્વિપક્ષીય કવાયતનું આયોજન થયું હતું.



- ભારતે ચોથી વખત આ કવાયતનું આયોજન કર્યુ છે.
- ગરૂડ VII(7) એ ભારત અને ફ્રાન્સ વચ્ચેની દ્વિપક્ષીય કવાયતની સાતમી આવૃત્તિ હતી.
- ભારતમાં અનુક્રમે વર્ષ 2003, 2006 અને 2014માં એરફોર્સ સ્ટેશન ગ્વાલિયર, કલાઈકુંડા અને જોધપુર ખાતે પ્રથમ, ત્રીજી અને પાંચમી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસમાં FASFના ચાર રાફેલ ફાઈટર જેટ, A-330 મલ્ટી રોલ ટેન્કર ટ્રાન્સપોર્ટ (MRTT) એરક્રાફ્ટ અને 220 કર્મચારીઓની ટુકડી સાથે કવાયતમાં ભાગ લીધો હતો.
- જ્યારે ભારતીય વાયુસેનાના SU-30 MKI, રાફેલ, LCA તેજસ અને જગુઆર ફાઈટર એરક્રાફ્ટ તેમજ Mi 17 હેલિકોપ્ટરે ભાગ લીધો હતો.
- આ સંયુક્ત કવાયત બંને દેશોને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરીને ઓપરેશનલ કાર્યક્ષમતા અને આંતર–કાર્યક્ષમતા વધારવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UDISE પ્લસ રિપોર્ટ

તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રીએ '<u>યુનાઈટેડ ડિસ્ટ્રિક એજ્યુકેશન ઈન્ફોર્મેશન સિસ્ટમ પ્લસ' (UDISE Plus) રિપોર્ટ, 2021-22</u>' શાળા શિક્ષણ પર બહાર પાડ્યો છે.

- શિક્ષણ મંત્રાલયે વર્ષ 2020-21 માટે <u>પર્ફોમન્સ ગ્રેડ ઈન્ડેક્સ (PGI)</u> પણ બહાર પાડ્યો છે.

### UDISE પ્લસ રિપોર્ટ




તે એક વ્યાપક અભ્યાસ છે જે શાળાના વિદ્યાર્થીઓની નોંધણી અને ડ્રોપ આઉટ દર, શાળાઓમાં શિક્ષકોની સંખ્યા અને અન્ય મૂળભૂત સુવિધાઓ જેવી કે શૌચાલય, ઈમારતો અને વીજળી વિશે માહિતી પ્રદાન કરે છે.

- ડેટા એન્ટ્રીને વેગ આપવા, ભૂલો ઘટાડવા, ડેટાની ગુણવત્તા સુધારવા અને ડેટાની માન્યતાને સરળ બનાવવા માટે તે વર્ષ **2018-2019**માં શરૂ કરવામાં આવ્યું હતું.
- UDISE પ્લસ એ UDISEનું અદ્યતન અને સુધારેલું સંસ્કરણ છે, જે શિક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ **2012-13**માં શરૂ કરવામાં આવ્યું હતું.

### UDISE Plus 2021-22 રિપોર્ટના મુખ્ય તારણો

#### પૂર્વ-પ્રાથમિક સ્તર

વર્ષ <u>2021-2022</u>માં <u>કુલ 94.95 લાખ વિદ્યાર્થીએ</u> <u>પૂર્વ–પ્રાથમિક વર્ગો</u>માં પ્રવેશ લીધો છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં <u>10%</u> નો ઘટાડો દર્શાવે છે.

- જોકે, <u>વર્ષ 2020-21માં</u> અગાઉના (1.35 કરોડ)ની સરખામણીમાં પૂર્વ–પ્રાથમિક વર્ગોમાં <u>21%</u>નો ઘટાડો નોંધાયો હતો કારણ કે મહામારી અને લોકડાઉનના પરિણામે શાળાઓ બંધ હતી અને વર્ગો ઓનલાઈન થઈ રહ્યા હતા.

#### પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તર

<u>પ્રાથમિક વર્ગો (વર્ગ 1 થી 5)</u>માં નોંધણીમાં પણ પ્રથમ વખત ઘટાડો નોંધાયો છે, જે વર્ષ <u>2020-2021</u>માં <u>12.20 લાખ</u>થી ઘટીને વર્ષ <u>2021-2022</u>માં <u>12.18 લાખ</u> થઈ ગયો છે.

- જોકે પ્રાથમિકથી લઈને વરિષ્ઠ માધ્યમિક સ્તર સુધીના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા <u>19 લાખ</u>થી વધીને <u>25.57 કરોડ</u> થઈ ગઈ છે.

## શાળાઓની સંખ્યામાં ઘટાડો

વર્ષ 2021-22માં શાળાઓની કુલ સંખ્યા 18.89 લાખ નોંધાઈ હતી. જે વર્ષ 2020-21માં 15.09 લાખ હતી.

- આ ઘટાડો મુખ્યત્વે ખાનગી અને અન્ય મેનેજમેન્ટ શાળાઓને બંધ કરવા અને વિવિધ રાજ્યો દ્વારા શાળાઓના ક્લસ્ટરિંગને કારણે થયો હતો.
- વર્ષ 2020-21માં શિક્ષકોની સંખ્યા 96.96 લાખ હતી, જે વર્ષ 2021-2022માં 1.89 લાખના ઘટાડાની સાથે 95.07 લાખ નોંધાઈ હતી.

## કમ્પ્યૂટર સુવિધાઓ અને ઈન્ટરનેટ એક્સેસ

44.75% શાળાઓમાં કમ્પ્યૂટર સુવિધાઓ ઉપલબ્ધ હતી, જ્યારે ઈન્ટરનેટની સુવિધા માત્ર 33.9% શાળાઓમાં ઉપલબ્ધ હતી.

- જોકે, પ્રી–કોવિડની સરખામણીમાં તેમની ઉપલબ્ધતામાં સુધારો નોંધાયો હતો, જ્યારે માત્ર 38.5% શાળાઓમાં કમ્પ્યૂટર હતા અને 22.3% શાળાઓમાં ઈન્ટરનેટની એક્સેસ હતી.

## ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER)

GER શિક્ષણના ચોક્કસ સ્તરે નોંધણીની તુલના સંબંધિત વય જૂથની વસતી સાથે કરે છે.

(1) એકંદર સુધારો :

- પ્રાથમિક વર્ગો માટેનો GER વર્ષ 2018-2019માં 101.3% થી વધીને 2021-22માં 104.8% થયો છે.
- તે માધ્યમિક વર્ગો માટે 2021-22માં 79.6%, 2018-19માં 76.9% અને ઉચ્ચતર માધ્યમિક સ્તર માટે 50.14% થી વધીને 57.6% થયો છે.

(2) શ્રેણી મુજબ સુધારો :

- SC નોંધણીની કુલ સંખ્યા વર્ષ 2020-21માં 4.78 કરોડની સરખામણીએ વર્ષ 2021-22માં વધીને 4.82 કરોડ થઈ છે.
- વર્ષ 2021-22માં કુલ ST નોંધણી વધીને 2.51 કરોડ થઈ ગઈ છે જે વર્ષ 2020-21માં 2.49 કરોડ હતી.
- અન્ય પછાત વિદ્યાર્થીઓની સંખ્યા પણ વર્ષ 2021-22માં વધીને 11.48 કરોડ થઈ છે જે વર્ષ 2020-21માં 11.35 કરોડ હતી.
- વર્ષ 2020-21માં 21.91 લાખની સરખામણીમાં વર્ષ 2021-22માં ખાસ જરૂરિયાતવાળા બાળકો (CWSN)ની નોંધણી 22.67 લાખ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## જાતિ સમાનતા સૂચકાંક (GPI)

વર્ષ 2021-22માં 12.29 કરોડથી વધુ છોકરીઓએ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સુધી પ્રવેશ મેળવ્યો છે, જે વર્ષ 2020-21માં કન્યાઓની નોંધણીની સરખામણીમાં 8.19 લાખનો વધારો દર્શાવે છે.

## પર્ફોર્મન્સ ગ્રેડ ઈન્ડેક્સ (PGI)

તે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાળા શિક્ષણ પ્રણાલીનું પૂરાવા–આધારિત વ્યાપક વિશ્લેષણ પ્રદાન કરે છે.

- સૂચકાંક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કુલ 1000 ગુણમાંથી તેમના સ્કોરના આધારે 10 ગ્રેડમાં વર્ગીકૃત કરે છે.
- કુલ 1000 માર્ક્સમાંથી 950 થી વધુ માર્ક્સ મેળવનાર રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ માટે સૌથી વધુ પ્રાપ્ય ગ્રેડ લેવલ 1 છે.
- 551થી નીચેના સ્કોર માટે સૌથી નીચો ગ્રેડ લેવલ 10 છે.
- તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન પાંચ ડોમેન્સમાં કુલ 70 સૂચકાંક પર કરવામાં આવે છે.
- આ સૂચકાંક UDISE + 2020-21, NAS-2017 અને મિડ ડે મીલ પોર્ટલ સહિત બહુવિધ ડેટા સ્ત્રોતના ડેટા પર આધારિત છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PGIના પરિણામો

**(1) લેવલ 2 પ્રાપ્ત રાજ્યો :**

– કેરળ, પંજાબ, ચંદીગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને આંધ્રપ્રદેશનો સમાવેશ કરીને કુલ 7 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ વર્ષ 2020-21માં લેવલ 2 (સ્કોર 901-950) પ્રાપ્ત કર્યો છે.

– જ્યારે વર્ષ 2017-18માં આવા રાજ્યોની સંખ્યા નહિવત્ હતી અને વર્ષ 2019-20માં આવા માત્ર 4 રાજ્ય હતા.

– ગુજરાત, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ અત્યાર સુધીના કોઈપણ રાજ્ય દ્વારા ઉચ્ચતમ સ્તરની શ્રેણીમાં પ્રવેશનારા નવા રાજ્યોમાં સામેલ છે.

**(2) લેવલ 3 પ્રાપ્ત રાજ્યો :**

– દિલ્હી, તમિલનાડુ, કર્ણાટક અને ઓડિશા સહિત કુલ 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ 851-900 વચ્ચેના સ્કોર સાથે લેવલ 3 હાંસલ કર્યુ છે.

**(3) સૌથી મોટી સિદ્ધિ :**

– લદ્દાખમાં 2019-2020માં લેવલ 10 થી 2020-2021માં લેવલ 4 સુધીનો સૌથી મોટો સુધારો જોવા મળ્યો છે.

1. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(D)**

2. ભારતમાં કોનો જન્મદિન 11 નવેમ્બર 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે ઉજવાય છે ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. ઝાકિર હુસૈન

(C) ડૉ. મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી ચૌધરી ચરણસિંહ **(C)**

3. તાજેતરમાં ભારત અને કયા દેશની વચ્ચે જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે 'ગરૂડ VII' નામની દ્વિપક્ષીય કવાયતનું આયોજન થયું હતું ?

(A) જાપાન (B) અમેરિકા (C) ફ્રાન્સ (D) ચીન **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રીએ 'યુનાઈટેડ ડિસ્ટ્રિક એજ્યુકેશન ઈન્ફોર્મેશન સિસ્ટમ પ્લસ' (UDISE Plus) રિપોર્ટ, 2021-22' શાળા શિક્ષણ પર બહાર પાડ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર 2021-2022માં કુલ 94.95 લાખ વિદ્યાર્થીએ પૂર્વ–પ્રાથમિક વર્ગોમાં પ્રવેશ લીધો છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં 10%નો ઘટાડો દર્શાવે છે.
2. પ્રાથમિક વર્ગો (વર્ગ 1 થી 5)માં નોંધણીમાં પણ પ્રથમ વખત ઘટાડો નોંધાયો છે, જે વર્ષ 2020-2021માં 12.20 લાખથી ઘટીને વર્ષ 2021-22માં 12.18 લાખ થઈ ગયો છે.
3. વર્ષ 2021-22માં શાળાઓની કુલ સંખ્યા 18.89 લાખ નોંધાઈ હતી. જે વર્ષ 2020-21માં 15.9 લાખ હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 **(A)**

## દિવસ મહિમા : 12 નવેમ્બર, (1) વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day) (2) રાષ્ટ્રીય પક્ષી દિવસ

### વિશ્વ ન્યુમોનિયા દિવસ



દર વર્ષે 12 નવેમ્બરના રોજ 'વિશ્વ ન્યુમોનિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ન્યુમોનિયા વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે 'ગ્લોબલ કોએલિશન અગેઈન્સ્ટ ચાઈલ્ડ ન્યુમોનિયા' દ્વારા વર્ષ 2009માં પ્રથમ વખત આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008થી થયો હતો.

### રાષ્ટ્રીય પક્ષી દિવસ



રાષ્ટ્રીય પક્ષી દિવસ દર વર્ષે 12 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- પક્ષી નિષ્ણાંત શ્રી સલીમ અલીના જન્મ દિવસને ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય પક્ષી દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- શ્રી સલીમ અલીનો જન્મ 12 નવેમ્બર, 1896ના રોજ બોમ્બે ખાતે થયો હતો.
- તેઓ વિશ્વવિખ્યાત પક્ષી નિષ્ણાત અને પ્રકૃતિશાસ્ત્રી હતા.
- સમગ્ર ભારતમાં વ્યવસ્થિત પક્ષી સર્વેક્ષણનું આયોજન કરનાર તેઓ ભારતના પ્રથમ વ્યક્તિ હતા અને પક્ષીઓ પર તેમના પુસ્તકો ભારતમાં પક્ષી વિજ્ઞાનના વિકાસમાં ઘણી મદદ કરી હતી.
- ડો. સલીમ અલીને ભારતમાં 'બર્ડમેન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમણે પક્ષીઓ સંબંધિત અનેક પુસ્તકો લખ્યા હતા, જેમાંનું 'બર્ડ્સ ઓફ ઈન્ડિયા' સૌથી લોકપ્રિય પુસ્તક છે.
- તેમને વર્ષ 1958માં 'પદ્મભૂષણ' અને વર્ષ 1976માં પદ્મવિભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

## વાઈસ ચાન્સેલરની પસંદગી

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે વાઈસ ચાન્સેલરને ઓછામાં ઓછો 10 વર્ષનો અધ્યાપનનો અનુભવ હોવો જોઈએ. અને તેમના નામની સર્ચ–કમ–સિલેક્શન કમિટી દ્વારા ભલામણ કરવી જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સુપ્રીમ કોર્ટે યુનિવર્સિટી એક્ટ, 2019ની કલમ 10(3)નો ઉલ્લેખ કર્યો હતો, જેમાં જોગવાઈ કરવામાં આવી હતી કે સમિતિએ તેમની પાત્રતા અને યોગ્યતાના આધારે વાઈસ–ચાન્સેલર તરીકે નિમણૂક માટે ત્રણ વ્યક્તિઓની યાદી તૈયાર કરવી જોઈએ.

## વાઈસ ચાન્સેલરની નિમણૂક માટેની પ્રક્રિયા

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) રેગ્યુલેશન, 2018 મુજબ યુનિવર્સિટીના વાઈસ–ચાન્સેલરની સામાન્ય રીતે રચાયેલી સર્ચ–કમ–સિલેક્શન કમિટી દ્વારા ભલામણ કરાયેલ ત્રણથી પાંચ નામોની પેનલમાંથી નિમણૂક કરવામાં આવે છે.

- કોઈપણ વિઝિટરને જો તે પેનલ દ્વારા સૂચવેલા નામોથી સંતુષ્ટ ન હોય તો તેને નામોના નવા સમૂહ માટે પૂછવાનો અધિકાર છે.
- ભારતીય યુનિવર્સિટીઓના સંદર્ભમાં ભારતના રાષ્ટ્રપતિ તમામ કેન્દ્રીય યુનિવર્સિટીઓના હોદ્દેદાર વિઝિટર છે અને રાજ્યોના ગવર્નરો સંબંધિત રાજ્યની તમામ રાજ્ય યુનિવર્સિટી કુલપતિ છે.
- આ સિસ્ટમ તમામ યુનિવર્સિટીઓમાં એક સમાન હોય તે જરૂરી નથી. જ્યા સુધી વિવિધ રાજ્યો દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયાઓનો સંબંધ છે, ત્યાં તેમની વચ્ચે વિવિધતાઓ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®






## નાદપ્રભુ કેમ્પેગૌડા પ્રતિમા



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેંગ્લુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્થાપિત શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

- આ ઉપરાંત બેંગ્લોર એરપોર્ટના ટર્મિનલ 2નું ઉદ્ઘાટન પણ કર્યુ હતું.

### શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમા



શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમા બેંગ્લોરના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્થાપિત કરવામાં આવી છે.

- આ પ્રતિમાની ઊંચાઈ 108 ફૂટ છે.
- આ પ્રતિમાને 'Statue of Prosperity' નામ આપવામાં આવ્યું છે.
- જેને ગુજરાતીમાં 'સમૃદ્ધિની પ્રતિમા' તરીકે ઓળખવામાં આવે છે.
- વર્લ્ડ બુક રેકોર્ડ્સ અનુસાર તે શહેરના સ્થાપકની પ્રથમ અને સૌથી ઊંચી બ્રોન્ઝ પ્રતિમા છે.
- પ્રસિદ્ધ શિલ્પકાર અને પદ્મભૂષણ પુરસ્કાર વિજેતા શ્રી રામ વનજી સુતારે આ પ્રતિમાની ડિઝાઈન તૈયાર કરી છે.
- આ પ્રતિમાનું વજન 218 ટન છે જેમાં 4 ટન વજનની તલવાર છે.
- અનાવરણ પહેલા રાજ્યભરમાં 22,000 થી વધુ સ્થળોએથી 'મૃતિકા' (પવિત્ર માટી) એકત્ર કરવામાં આવી હતી. જે પ્રતિમાના ચાર ટાવરમાંથી એકના પાયામાં પવિત્ર માટી સાથે પ્રતીકાત્મક રીતે મિશ્રિત કરવામાં આવી હતી.

### શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડા

તેમનો જન્મ 1513માં ચેલહંકા (વર્તમાન આધુનિક બેંગ્લોર, કર્ણાટક) નજીકના ગામમાં થયો હતો.

- તેઓ 16મી સદીમાં વિજયનગર સામ્રજ્ય હેઠળ સામંત હતા.
- તેઓ વોક્કાલિગા સમુદાયના અગ્રણી વ્યક્તિ હતા. જે લિંગાયતો પછી કર્ણાટકમાં બીજા સૌથી પ્રભાવશાળી સમુદાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

- તેમણે કુંડાપુરા (હાલના હેસરાઘટ્ટા) પાસેના ગુરુકુળમાં નવ વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો, જ્યાં તેમણે શાસનની કળા અને માર્શલ આર્ટ્સમાં શિક્ષણ મેળવ્યુ હતું.
- તેમને બેંગ્લોરના સ્થાપક (1537માં સ્થાપના) તરીકે ઓળખવામાં આવે છે.
- એવુ માનવામાં આવે છે કે તેમણે તેના મંત્રી સાથે શિકાર કરતી વખતે નવા શહેરનો વિચાર કર્યો હતો અને બાદમાં સૂચિત શહેરના ચાર ખૂણા પર ટાવર ઉભા કરીને તેના પ્રદેશને ચિહ્નિત કર્યા હતા.
- પીવાના પાણી અને ખેતીની જરૂરિયાતોને પહોંચી વળવા શહેરમાં લગભગ 1,000 તળાવો વિકસાવવાનો શ્રેય પણ તેમને જાય છે.
- કેમ્પેગૌડાને મોરાસુ વોક્કાલિગાની એક મહત્વપૂર્ણ પ્રથા 'બંડી દેવરૂ' તરીકે ઓળખાતી ધાર્મિક વિધી દરમિયાન અપરિણીત મહિલાના ડાબા હાથની આંગળીઓ કાપી નાખવાની પ્રથાને સમાપ્ત કરવાનો શ્રેય આપવામાં આવે છે.
- લગભગ 56 વર્ષ શાસન કર્યા પછી વર્ષ 1569માં તેમનું અવસાન થયું હતું.



1. કયા દિવસે 'વિશ્વ ન્યુમોનિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર (B)

2. કય દિવસે 'રાષ્ટ્રીય પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર (B)

3. ભારતમાં કોના જન્મ દિવસ નિમિત્તે 'રાષ્ટ્રીય પક્ષી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) શ્રી સલીમ અલી (B) શ્રી અહમ્મદ અલી

(C) શ્રી સમીર અલી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

4. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે વાઈસ ચાન્સેલરને ઓછામાં ઓછો _____ વર્ષનો અધ્યાપનનો અનુભવ હોવો જોઈએ.

(A) 5 (B) 6 (C) 10 (D) 15 (C)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની પ્રતિમાનું અનાવરણ કર્યુ છે. આ પ્રતિમા વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પ્રતિમા બેંગ્લોરના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્થાપિત કરવામાં આવી છે.
2. આ પ્રતિમાની ઊંચાઈ 108 ફૂટ છે.
3. આ પ્રતિમાને 'Statue of Prosperity' નામ આપવામાં આવ્યું છે.
4. પ્રસિદ્ધ શિલ્પકાર અને પદ્મભૂષણ પુરસ્કાર વિજેતા શ્રી રામ વનજી સુતારે આ પ્રતિમાની ડિઝાઈન તૈયાર કરી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **સોમનાથનો કાર્તિકી પૂર્ણિમાનો લોકમેળો**

તાજેતર ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે પાંચ દિવસીય કાર્તિકી પૂર્ણીમાના મેળાનુ આયોજન થયું હતું. સૌરાષ્ટ્રના આ સૌથી મોટા લોકમેળાનું સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન થયું હતું. છેલ્લા અઠાવન વર્ષથી અહીં કાર્તિકી પૂર્ણિમાના મેળાનું આયોજન થાય છે. ત્રિવેણી ઘાટના વિશાળ મેદાનમાં આ મેળો ભરાય છે.

## ભારત

➤ **રાજસ્થાનની પ્રથમ હસ્તકલા નીતિ બહાર પાડવામાં આવી**

રાજસ્થાન રાજ્ય સરકારે તાજેતરમાં હસ્તકલા નીતિ 2022 બહાર પાડી હતી. હસ્તકલા નીતિ 2022 સ્થાનિક હસ્તકલા ઉદ્યોગની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા અને નવી નોકરીઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. તે સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવા અને પરંપરાગત કળા અને હસ્તકલાના પુનરુત્થાન માટે રોકાણને પ્રોત્સાહન આપશે. તે રાજ્યમાંથી હસ્તકલા નિકાસને વધુ પ્રોત્સાહન આપવા માંગે છે. આ નીતિ હસ્તકલા ક્ષેત્ર માટે જરૂરી માળખાકીય સુવિધાઓને મજબૂત કરશે. અને આજીવિકાની તકોને વેગ આપશે તેવી અપેક્ષા છે. આ નવી નીતિ દર વર્ષે રાષ્ટ્રીય સ્તરના હસ્તકલા સપ્તાહનું આયોજન કરીને કારીગરોને સશક્ત બનાવશે. રાજસ્થાન 6 લાખથી વધુ હસ્તકલા ઉદ્યોગના કારીગરોનું ઘર છે. 2020 અને 2021માં હસ્તકલા નિકાસ મૂલ્ય રૂ.6205.32 કરોડ છે.

➤ **મથુરા-વૃંદાવન કાર્બન ન્યુટ્રલ ટાર્ગેટ 2041**

તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે જાહેરાત કરી છે કે મથુરા–વૃંદાવનને વર્ષ 2041 સુધીમાં 'નેટ ઝીરો કાર્બન એમિશન' બનાવવામાં આવશે. ભારતના કોઈપણ પ્રવાસન સ્થળ માટે આ પ્રકારનો પ્રથમ કાર્બન ન્યુટ્રલ માસ્ટર પ્લાન હશે. આ વિસ્તારમાં જાહેર પરિવહન તરીકે ઉપયોગમાં લેવાતા ફક્ત ઈલેક્ટ્રિક વાહનોને જ મંજૂરી આપવામાં આવશે. આ પ્રદેશમાં કુલ 252 જળાશયો અને 24 જંગલો પણ પુનર્જીવિત થશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ➢ ભારતનું પ્રથમ ખાનગી પ્રક્ષેપણ યાન

સ્પેસ ટેક્નોલોજી સ્ટાર્ટઅપ, સ્કાયરૂટ એરોસ્પેસ 'પ્રારંભ' (Prarambh) મિશન હેઠળ 12 થી 16 નવેમ્બર 2022 દરમિયાન ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસિત રોકેટ વિક્રમ-Sને અવકાશમાં મોકલવા માટે તૈયાર છે. સ્કાયરૂટ એરોસ્પેસ એ એરોસ્પેસ બિઝનેસમાં એક ભારતીય સ્ટાર્ટઅપ છે. વિક્રમ-S રોકેટ એક તબક્કાનું સબ–ઓર્બિટલ લોન્ચ વ્હીકલ છે જે ત્રણ પેલોડ વહન કરશે. પ્રારંભ મિશનનો ઉદ્દેશ્ય ત્રણ પેલોડને અવકાશમાં લઈ જવાનો છે, જેમાં 2.5 કિલોના પેલોડનો સમાવેશ થાય છે જે ઘણા દેશોના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવ્યો છે.

### ➢ ગંગા ઉત્સવ 2022

તાજેતરમાં જળશક્તિ મંત્રાલયે નેશનલ મિશન ફોર ક્લીન ગંગા (NMCG)ના સહયોગથી ગંગા ઉત્સવ 2022નું આયોજન કર્યુ હતું. NMCG નદી સાથે લોકોના સંબંધને મજબૂત કરવા દર વર્ષે ઉજવણી કરે છે. ગંગા ઉત્સવ 2022 એ આઝાદી કા અમૃત મહોત્સવને સમર્પિત છે જે ભારતીય સ્વતંત્રતાના 75 વર્ષની યાદગીરીમાં ઉજવવામાં આવે છે. તેનો હેતુ ગંગા અને તેની ઉપનદીઓના તટપ્રદેશમાં આવેલા શહેરો અને નગરોમાં 75 વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનો છે. આ ઉત્સવમાં કલા, સંસ્કૃતિ, સંગીત, જ્ઞાન, કવિતા, સંવાદો અને વાર્તાઓનું મિશ્રણ સામેલ છે. NMCG એ વર્ષ 2016માં સ્થપાયેલા રાષ્ટ્રીય ગંગા કાઉન્સિલનું અમલીકરણ એકમ છે, જેણે રાષ્ટ્રીય ગંગા નદી બેસિન ઓથોરિટી (NRGBA)નું સ્થાન લીધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➢ ભારત બન્યુ આફ્રિકાનું ટોચનું સંરક્ષણ નિકાસકાર

તાજેતરમાં જોહાનિસબર્ગમાં ઈન્ડિયા એક્ઝિમ બેંક દ્વારા આયોજિત 'ભારત–દક્ષિણ આફ્રિકા ગ્રોથ પાર્ટનરશીપ પર CII-એક્ઝિમ બેંક પ્રાદેશિક કોન્કલેવ' કાર્યક્રમમાં 'Reinvigorating India's Economic Engagements with Southern Africa' શીર્ષક હેઠળનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ મુજબ ભારત આફ્રિકામાં ટોચના સંરક્ષણ નિકાસકાર તરીકે ઉભરી આવ્યુ છે. મોરેશિયસ, મોઝેમ્બિક અને સેશેલ્સ 2017 અને 2021 વચ્ચે મેડ–ઈન–ઈન્ડિયા શસ્ત્રોના ટોચના આયાતકારો છે.

➤ **મધમાખીની નવી પ્રજાતિ શોધાઈ**

તાજેતરમાં 200થી વધુ વર્ષોના અંતરાલ પછી પશ્ચિમ ઘાટમાં Apis Caringodian નામની સ્થાનિક મધમાખીની નવી પ્રજાતિ મળી આવી છે. ભારતમાં છેલ્લી મધમાખી (Apis india) ફેબ્રિસિયસ દ્વારા વર્ષ 1798માં મળી હતી. આ નવી શોધ સાથે વિશ્વમાં મધમાખીની પ્રજાતિઓની સંખ્યા વધીને 11 થઈ ગઈ છે.

➤ **સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ લોન્ચ કરવામાં આવી**

સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ 'Rural Wash Partnerships - the Way Forward' પરના તકનીકી સત્રમાં લોન્ચ કરવામાં આવી હતી. તેનું આયોજન પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા કરવામાં આવ્યું હતું, જે કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલયના નેજા હેઠળ આવે છે. આ ઈવેન્ટ દરમિયાન સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 માટેની ટૂલકીટ અને 'Twinpit to Retrofit Abhiyan' માટે વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવી હતી.

➤ **અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ**

NITI આયોગના અટલ ઈનોવેશન મિશનએ 9 નવેમ્બર 2022ના રોજ બીજી અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ (ANIC) હેઠળ મહિલા–કેન્દ્રિત પડકાર શરૂ કર્યો હતો. આ પડકારો જીવનના તમામ ક્ષેત્રોની મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતી મુખ્ય સમસ્યાઓ સાથે સંબંધિત છે. મહિલા કેન્દ્રિત પડકારો જીવનના તમામ ક્ષેત્રોની મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતી મુખ્ય સમસ્યાઓને સંબોધિત કરે છે. તેમાં નવીનતા દ્વારા મહિલાઓની સ્વચ્છતા, મહિલાઓની સુરક્ષામાં સુધારો કરવા માટેની નવીનતાઓ, મહિલાઓ માટે વ્યાવસાયિક નેટવર્કિંગ તકો, માતાઓના જીવનને સુધારવા અને ગ્રામીણ મહિલાઓના જીવનને સરળ બનાવવા માટે નવીનતાઓનો સમાવેશ થાય છે.

## વિશ્વ

➤ **મિડલ ઈસ્ટ ગ્રીન ઈનિશિયેટિવ**

સાઈદી અરેબિયાએ તાજેતરમાં મિડલ ઈસ્ટ ગ્રીન ઈનિશિયેટિવ માટે 2.5 બિલિયન અમેરિકન ડોલરની પ્રતિબદ્ધતા દર્શાવી છે. મિડલ ઈસ્ટ ગ્રીન ઈનિશિયેટિવ એ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન દ્વારા મધ્ય પૂર્વમાંથી ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને રોકવા માટે 2021માં શરૂ કરાયેલ તેના પ્રકારનું પ્રથમ પ્રાદેશિક ગઠબંધન છે. તે પ્રદેશમાં કાર્બન ઉત્સર્જનને 60 ટકાથી વધુ - 670 મિલિયન ટન કરતા વધુ કાર્બન સમકક્ષ ઘટાડવાનું લક્ષ્ય રાખે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ **સ્ટેટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર રિપોર્ટ 2022**

તાજેતરમાં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા સ્ટેટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા 'સ્ટેટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર રિપોર્ટ' 2022ની આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. આ ફલેગશિપ રિપોર્ટ દર વર્ષે તૈયાર કરવામાં આવે છે. રિપોર્ટમાં વિશ્વભરના 27 કેસ સ્ટડીનો સમાવેશ કરવામાં આવ્યો છે જે વિવિધ તકનીકોનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રતિ 1000 હેક્ટર ખેતીલાયક જમીન પર ઉપલબ્ધ ટ્રેક્ટરની સંખ્યાના ડેટા અનુસાર યાંત્રિકરણના ક્ષેત્રમાં અસમાન પ્રગતિ થઈ છે. ઉત્તર અમેરિકા, યુરોપ અને ઓશનિયાના ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં 1960 સુધી ભારે યાંત્રિકીકરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં યાંત્રિકીકરણનું સ્તર ઓછુ હતું.

➤ **વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ એક્ઝિબિશન**

ભારત લંડનમાં 7 નવેમ્બર, 2022થી શરૂ થનારા વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ એક્ઝિબિશનમાં ભાગ લેશે. તે આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી મોટા પ્રદર્શનોમાંનું એક છે. આ વર્ષે પ્રદર્શનની થીમ 'પ્રવાસનું ભવિષ્ય હવે શરૂ થાય છે' છે. પર્યટન મંત્રાલયના જણાવ્યા અનુસાર પ્રદર્શનમાં ભારત પોતાને પર્યટન માટે પ્રિયદેશ તરીકે રજૂ કરશે. ભારતીય પેવેલિયન ખાતે ત્રણ દિવસીય પ્રદર્શનમાં વિવિધ રાજ્ય સરકારો, અનેક કેન્દ્રીય મંત્રાલયો, ટૂર ઓપરેટરો સહિત 16 હિતધારકો ભાગ લઈ રહ્યા છે.

➤ **સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેટ ઈન 2022 રિપોર્ટ**

વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO) દ્વારા 6 નવેમ્બરના રોજ 2022માં વૈશ્વિક આબોહવાની સ્થિતિનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ રિપોર્ટ અનુસાર છેલ્લા આઠ વર્ષ રેકોર્ડ પર સૌથી ગરમ વર્ષ હતા. વર્ષ 2022માં વૈશ્વિક સરેરાશ તાપમાન 1850-1900 પૂર્વ ઔદ્યોગિક સરેરાશ કરતા લગભગ 1.15°C વધારે છે, જે 1.02°C થી 1.28°C સુધીની છે. 2021 (નવીનત્તમ મૂલ્યાંકન વર્ષ)માં મહાસાગરનું તાપમાન રેકોર્ડ સ્તરે વધવાનો અંદાજ હતો. છેલ્લા બે દાયકામાં સમુદ્રી ઉષ્ણતાનો સૌથી વધુ દર નોંધવામાં આવ્યો છે. 1993થી છેલ્લા 30 વર્ષમાં સમુદ્રનું સ્તર બમણુ થયું છે. ભારત સહિત દક્ષિણ એશિયા 2022માં આબોહવા પરિવર્તનને કારણે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનો એક છે. ચોમાસા પહેલાના સમયગાળા દરમિયાન ભારત અને પાકિસ્તાનમાં તાપમાન અસાધારણ રીતે વધારે હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Plain Language Act : ન્યુઝીલેન્ડ**

ન્યુઝીલેન્ડ સરકાર દ્વારા તાજેતરમાં પ્લેન લેંગ્વેજ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. આ અધિનિયમમાં સરકારી અધિકારીઓએ સત્તાવાર દસ્તાવેજો અને વેબસાઈટમાં સરળ અને સરળતાથી સમજી શકાય તેવી અંગ્રેજીભાષાનો ઉપયોગ કરવો જરૂરી છે. આ અધિનિયમનો ઉદ્દેશ સામાન્ય લોકો માટે સંદેશાવ્યવહારને સ્પષ્ટ, સમાવિષ્ટ અને સરળતાથી સુલભ બનાવીને જાહેર સેવાઓની કાર્યક્ષમતા અને જવાબદારીમાં સુધારો કરવાનો છે. આ અધિનિયમ મુજબ સાદી ભાષા એવી ભાષા છે જે લક્ષિત પ્રેક્ષકોને એકવાર વાંચ્યા પછી સમજવા માટે સક્ષમ બનાવે છે. કાયદો મુખ્યત્વે તેમની બીજી ભાષા તરીકે અંગ્રેજી બોલે છે અને ઓછુ શિક્ષિત છે તેમને લાભ આપવાનો પ્રયાસ કરે છે.

➤ **બ્લેક સી ગ્રેન ઈનિશિયેટિવ**

તાજેતરમાં રશિયા બ્લેક સી ગ્રેન્સ ઈનિશિયેટિવમાં ફરી જોડાયું છે. બ્લેક સી ગ્રેન ઈનિશિયેટિવનો ઉદ્દેશ વૈશ્વિક 'બ્રેડબાસ્કેટ'મા રશિયન પગલાને કારણે સપ્લાય ચેઈન વિક્ષેપને પરિણામે ખાદ્યપદાર્થોના ભાવ વધારાને સંબોધવાનો પ્રયાસ કરવાનો છે. યુનાઈટેડ નેશન્સ (UN) અને તુર્કી દ્વારા જુલાઈ 2022માં ઈસ્તંબુલમાં કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં 120 દિવસના સમયગાળા માટે શરૂ કરવામાં આવ્યું હતું. તેણે યુક્રેનિયન નિકાસ (ખાસ કરીને ખાદ્ય અનાજ) માટે સુરક્ષિત દરિયાઈ માનવતાવાદી કોરિડોર પ્રદાન કર્યુ હતું. આ પહેલનો મુખ્ય વિચાર અનાજનો પૂરવઠો સુનિશ્ચિત કરીને ખાદ્યપદાર્થોના ભાવ ફુગાવાને મર્યાદિત કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન સ્વિટ્ઝર્લેન્ડમાં કાર્યરત થઈ**

વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન સ્વિટ્ઝર્લેન્ડમાં સ્વિસ રેલવેની 175મી વર્ષગાંઠ દરમિયાન કાર્યરત કરવામાં આવી હતી. આ પેસેન્જર ટ્રેન 1.9 કિમી લાંબી છે, જેમાં 100 કોચ છે. તે પ્રેડામાં અલબુલા ટનલથી ફિલિસુરની બહારના લેન્ડવાસર વાયડકટ સુધી 15.5 માઈલ સુધી ચાલી હતી. અને બરગુન ખાતે યાત્રા સમાપ્ત થઈ હતી. આ ટ્રેનનું સંચાલન 7 ટ્રેન ડ્રાઈવરો અને 21 ટેકનિશિયન દ્વારા કરવામાં આવ્યું હતું.

## ICE ? Questions

- સોમનાથનો કયો લોકમેળો પ્રસિદ્ધ છે ? – કાર્તિકી પૂર્ણિમા
- તાજેતરમાં કોણે 'સ્ટેટ ઓફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર રિપોર્ટ 2022' બહાર પાડ્યો છે ? – FAO
- તાજેતરમાં ભારતે _____ માં આયોજિત વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ એક્ઝિબેશનમાં ભાગ લીધો હતો. – લંડન
- તાજેતરમાં કોના દ્વારા 'સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેન્ટ ઈન 2022' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો ? – WMO
- તાજેતરમાં કયા મંત્રાલયે નેશનલ મિશન ફોર ક્લિન ગંગા (NMCG)ના સહયોગથી 'ગંગા ઉત્સવ 2022'નું આયોજન કર્યુ હતું ? – જળ શક્તિ મંત્રાલયે
- તાજેતરમાં _____ દેશ આફ્રિકાનું ટોચનું સંરક્ષણ નિકાસકાર બન્યુ છે. – ભારત
- Plain Language Act કયા દેશ સાથે સંકળાયેલ છે ? – ન્યુઝિલેન્ડ
- તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે જાહેરાત કરી છે કે મથુરા–વૃંદાવનને વર્ષ _____ સુધીમાં 'નેટ ઝીરો કાર્બન એમિશન' બનાવવામાં આવશે. – 2041
- તાજેતરમાં પશ્ચિમ ઘાટમાં કઈ સ્થાનિક મધમાખીની નવી પ્રજાતિ મળી આવી છે ? – Apis Caringodian
- તાજેતરમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ 'Rural Wash Partnerships-the Way Forward' પરના તકનીકી સત્રમાં લોન્ચ કરવામાં આવી હતી. તેનું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ
- વિશ્વની સૌથી લાંબી પેસેન્જર ટ્રેન કયા દેશમાં કાર્યરત થઈ છે ? – સ્વિત્ઝર્લેન્ડ
- _____ ના અટલ ઈનોવેશન મિશનએ 9 નવેમ્બર 2022ના રોજ બીજી અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ (ANIC) હેઠળ મહિલા–કેન્દ્રિત પડકાર શરૂ કર્યો હતો. – NITI આયોગ
- કયા દેશે તાજેતરમાં મિડલ ઈસ્ટ ગ્રીન ઈનિશિયેટીવ માટે 2.5 બિલિયન અમેરિકન ડોલરની પ્રતિબદ્ધતા દર્શાવી છે ? – સાઉદી અરેબિયા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. યુએસ ટ્રેઝરી દ્વારા ભારતના કયા મ્યુનિસિપલ બોન્ડને સફળ લિસ્ટિંગ પર કેસ સ્ટડી માટે પસંદ કરવામાં આવ્યા છે ?

– વડોદરા

2. કઈ સંસ્થાએ 'એડેપ્ટેશન ગેપ રિપોર્ટ 2022' બહાર પાડ્યો છે ? – UNEP

3. કયા કેન્દ્રીય મંત્રાલયે 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 ટૂલકીટ' લોન્ચ કરી છે ? – જળ શક્તિ મંત્રાલય

(જળ શક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગે 7માં ઈન્ડિયા વોટર વીકના બીજા દિવસે 'Rural Wash Partnerships - the Way Forward' વિષય પર એક ટેકનિકલ સત્રનું આયોજન કર્યુ હતું. કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2023 માટે ટૂલકીટ અને 'Twinpit to Retrofit Abhiyan' માટે વેબ પોર્ટલ પણ લોન્ચ કર્યુ હતું.)

4. કયુ શહેર 'World Travel Market(WTM) 2022'નું યજમાન છે ? – લંડન

5. 'Forbes' Worlds Best Employers Ranking 2022'ના ટોપ-100 રેન્કિંગમાં એકમાત્ર ભારતીય કંપની કઈ છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રી

6. 'આદિવાસી ગૌરવ દિવસ' કયા નેતાની જન્મજયંતિ પર ઉજવવામાં આવે છે ? – બિરસા મુંડા

7. કઈ સંસ્થાએ 'સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેટ ઈન 2022' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – WMO

8. 8 નવેમ્બર 2022ના રોજ ગુરુ નાનકની કેટલામી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી ? – 553મી

9. કયા દિવસે 'ઉત્તરાખંડ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – 9 નવેમ્બર

(ઉત્તરાખંડ દિવસને 'ઉત્તરાખંડ સ્થાપના દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્ષ 2000માં ઉત્તરાખંડ રાજ્યની રચના થઈ હતી. તે 'દેવોની ભૂમિ' અથવા 'દેવ ભૂમિ' તરીકે પણ ઓળખાય છે. તેની સ્થાપના સમયે તેનું નામ ઉત્તરાંચલ રાખવામાં આવ્યું હતું. બાદમાં 2007માં તેનું નામ બદલીને ઉત્તરાખંડ કરવામાં આવ્યું છે.)

10. 53મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા _____ માં 20 થી 28 નવેમ્બર દરમિયાન યોજાશે. – ગોવા

11. કયા કેન્દ્રીય મંત્રાલયે 'Mother Tongue Survey of India' (MTSI)નું આયોજન કર્યુ હતું ?– ગૃહ મંત્રાલય

12. વર્ષ 2022માં ભારતના G20 અધ્યક્ષતાની થીમ શું છે ? – વસુધૈવ કુટુંબકમ

13. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે 'Week of the Young Researchers 2022' કાર્યક્રમનું આયોજન કર્યુ હતું ?

– જર્મની

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. કયા કેન્દ્રીય મંત્રાલયે 'નેશનલ બાયોએનર્જી પ્રોગ્રામ'ને સૂચિત કર્યું છે ? – નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય
15. કયા કેન્દ્રીય મંત્રાલયે 'ટ્રાન્સપોર્ટ 4 ઓલ ચેલેન્જ સ્ટેજ-2 અને સિટીઝન પર્સપ્શન સર્વે 2022' શરૂ કર્યું છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
16. કયું શહેર 'PM ગતિ શક્તિ વોટરવેઝ સમિટનું યજમાન છે ? – વારાણસી
17. કઈ સંસ્થાએ COP27 દરમિયાન 'Executive Action Plan of Early Warnings For All' લોન્ચ કર્યો હતો ? – WMO
18. તાજેતરમાં કઈ સંસ્થાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રેઝિલિયન્સ એક્સિલરેટર ફંડ (IRAF)ની જાહેરાત કરી છે ? – CDRI
19. કયો દેશ વૈશ્વિક ઉત્પાદનના 41% સાથે બાજરીનો અગ્રણી ઉત્પાદક છે ? – ભારત
20. કયા એશિયન દેશને 2023 IBA મહિલા વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપના યજમાન તરીકે નામ આપવામાં આવ્યું છે ? – ભારત
21. કયા દેશે 'Middle East Green Initiative' શરૂ કરી હતી ? – સાઉદી અરેબિયા
22. 'વિશ્વ વિજ્ઞાન દિવસ' દર વર્ષે કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ? – 10 નવેમ્બર
(વર્ષ 2022ના વિશ્વ વિજ્ઞાન દિવસની થીમ 'Basic Science For Sustainable Development' છે.)
23. તાજેતરમાં ભારતના બોક્સરોએ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં _____ મેડલ જીતીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. – 4
(પરવીન, લવલીના બોર્ગોહેન, સ્વીટી બોરા અને આલ્ફિયા પઠાણે ગોલ્ડ મેડલ જીતી શાનદાર પ્રદર્શન કર્યું હતું.)
24. 'ઈન્ડિયન બાયોલોજિકલ ડેટા સેન્ટર (IBDC)નું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ? – હરિયાણા
25. આધાર નિયમોમાં સુધારા મુજબ આધારભૂત દસ્તાવેજોને કેટલા વર્ષમાં અપડેટ કરવાની જરૂર છે ? – 10
26. 'બિહારી પુરસ્કાર' જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – સાહિત્ય
27. ઓલ ઈન્ડિયા રેડિયોમાં કયા નેતાની મુલાકાતની યાદમાં જાહેર સેવા પ્રસારણ દિવસ ઉજવવામાં આવે છે ? – મહાત્મા ગાંધી
(જાહેર સેવા પ્રસારણ દિવસ દર વર્ષે 12 નવેમ્બરે ઉજવવામાં આવે છે. વર્ષ 1947માં ઓલ ઈન્ડિયા રેડિયો દિલ્હીના સ્ટૂડિયોમાં મહાત્મા ગાંધીની એકમાત્ર મુલાકાતની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે)
28. ભારતના કયા રાજ્યએ 10 નવેમ્બર 2022ને 'બાજરી દિવસ' તરીકે ઉજવ્યો છે ? – ઓડિશા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ

















































આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT